॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

## આત્મનો હિતાય જગતઃ સુખાય





વર્ષ - ૩૬ (એપ્રિલ, મે, જુન) માનદ્ તંત્રી : મિનિષ પટેલ


VOL - XXXVI 2020-21 ISSUE-IV

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.


॥ ॐ ॥
॥ तस्य वाचकः प्रणवः ॥

















## ઓમ્ પરિવારના ઉત્સવો

| કયા પ્રસંગ નિમિત્તે | સ્થળ | ઊજવવાની તારીખ |
| --- | --- | --- |
| હનુમાન જયંતી નિમિત્તે | અનિલભાઇ ગોવિંદભાઇ એન. પ્રજાપતિ<br>સી ૧/૧, ભદ્રેશ્વર સોસાયટી,<br>અંકુર ચાર રસ્તા, નારણપુરા, અમદાવાદ-૧૩ | ૦૨-૦૫-૨૦૨૧<br>રવિવાર<br>સવારે ૮.૩૦ થી ૧૧ |

**વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને કાર્યક્રમ ની ઉજવણી કરવી કે નહીં તે જે તે સમયે નક્કી થશે.**

॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

**રુતમ્ભરા (ઋતમ્ભરા) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું**

**બહુજનહિતાય-બહુજનસુખાય**

# ઓમ્ પરિવારના આધ્યાત્મિક વડા પ.પૂ. સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજ સાથેનું સંસ્મરણ

સંકલન - ઉષાબેન પટેલ

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય.

આ સંસ્મરણ હું આજે તા.૧૪-૦૧-૨૦૨૦ ના રોજ મારા જન્મદિવસે લખવાનો શુભારંભ ગુરુકૃપાએ કરી રહી છું. આજે મારી ઉંમર સિત્તેર વરસની થઈ છે. છેલ્લાં લગભગ છેતાલીસ વર્ષથી પ.પૂ.સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજના સતત સાંનિધ્યને પ્રાપ્ત કરવાનું અહોભાગ્ય ગુરુકૃપાએ જ પ્રાપ્ત થયું છે. હું અંગત રીતે એમ માનું છું કે જીવનનાં આ છેતાલીસ વર્ષ લેખે લાગ્યાં. તે પહેલાંનાં ચોવીસ વર્ષનાં સંસાર-વહેવારની દોડધામમાં એળે ગયાં. ગુરુજીનું સાંનિધ્ય પ્રાપ્ત થયું, ત્યાર પછી સાથે રહેવાનું તથા આધ્યાત્મિક પ્રવાસમાં સતત સાથે રહેવાનું અહોભાગ્ય પ્રાપ્ત થયું છે. તેથી ગુરુજી સાથેનાં અવિસ્મરણીય સંસ્મરણો પણ હૃદયમાં ઘણાં જ સંઘરાયેલાં છે. અવિસ્મરણીય સંસ્મરણ એટલે એવાં સંસ્મરણ કે જે ગતજન્મોનાં સત્કર્મોનાં ફળ સ્વરૂપ તથા ઓમ્‌પરમાત્માની અહૈતુકી કૃપા થકી પ્રાપ્ત થયેલ અમૂલ્ય મનુષ્યજન્મ સાર્થક કરવામાં સદા-સર્વદા અતિપ્રેરક બને. આપણા હૃદયમાં-અંતઃકરણમાં પથ્થરની લકીરની જેમ જીવનના અંતિમ શ્વાસ સુધી કંડરાયેલ હોય, જેનું જ્યારે અને જ્યાં પણ સ્મરણ કરીએ, ત્યારે હર હાલમાં તન-મન અકલ્પનીય આનંદથી છલકાઈ જાય - તો આવા જ એક સંસ્મરણને ગુરુકૃપાએ નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન કરી રહી છું, જેને આજે પણ યાદ કરતા હૃદયમાં આનંદની હેલી ચડી આવે છે.

પતંજલિમુની અનુશાસિત પાતંજલયોગદર્શન એ યોગશાસ્ત્રનો મુખ્ય આધારભૂત ગ્રંથ છે. તેમાં પતંજલિમુનિએ વિભૂતિપાદના સૂત્ર નં.૫૧માં યોગીજનોને સાવધાન કરતા નીચે મુજબ રજૂઆત કરી છે.

॥ સ્થાન્યુપનિમંત્રણે સંગસ્મયાકરણં પુનરનિષ્ટ પ્રસંગાત્ત ॥

યોગીજનોને સાવધાન કરતા પતંજલિમુનિ આ સૂત્ર દ્વારા જણાવે છે કે જ્યારે યોગસાધક કઠિન સાધના કરતા-કરતા ઉચ્ચ શિખરે પહોંચે છે, ત્યારે તેમની સાત્ત્વિક ઊર્જા વાતાવરણમાં દૂર દૂર સુધી ફેલાય છે. તેના કારણે મોટા પ્રમાણમાં જનસમૂહ તેમના તરફ સાત્ત્વિક ભાવથી આકર્ષાય છે. તેમના તરફ ખુબ જ આદરપૂર્વક ભક્તિભાવ રાખતો થાય છે. ધીરેધીરે યોગીને ભક્ત સમુદાય તરફથી જુદા જુદા સ્થાનમાં પધારવા આમંત્રણ મળે છે. તેમનું ત્યાં ખુબ જ ભવ્ય સ્વાગત કરવામાં આવે છે. તેમની સેવા કરતા ભક્તો સતત તત્પર રહે છે. આવી પરીસ્થિતિમાં જો યોગી સાવધાન ન હોય તો તેનામાં અંહકાર પેદા થાય છે. પરીણામે તે એમ માને છે કે હું કેવો કહાન સિદ્ધ યોગી છું. લોકો મને ગુરુ માને છે. મારા પ્રત્યે ખુબ જ આદરભાવ રાખી મારુ ભવ્ય સ્વાગત કરે છે. મારા પગમાં મહામુલી ભેટ સોગાદો અર્પણ કરે છે. મારા ભક્તોનો સમુહ પણ ધીરે ધીરે વધી રહ્યો છે. સાથે સાથે યોગીને જે સ્થાનમાંથી આમંત્રણ મળેલ હોય તે સ્થાન પ્રત્યે અને ત્યાંના ભક્ત સમુહ પ્રત્યે મનમાં મોહ ઉત્પન્ન થાય છે. એટલું જ નહી પરંતુ ઘણીવાર યોગી આ બધાથી વાકેફ હોવા છતાં તે પ્રત્યે બેધ્યાન રહે છે. તે એમ વિચારે છે કે હું તો સમર્થ છુ હું ધારીશ ત્યારે તે બધાથી દૂર થઈ જઈશ. આ પણ

તેનામાં રહેલો અહંકાર ભાવ જ છે. જેના પ્રભાવ હેઠળ તે આમ વિચારે છે. આવા યોગીનું નિશ્ચિત આધ્યાત્મિક પતન થાય છે. પરીણામે તે જે સાધનાના ઉચ્ચ શિખરે પહોંચેલ હોય છે ત્યાંથી પાછા અધઃપતનરૂપી શીખરની તળેટીએ આવી જાય છે. એટલે કે તેમને સાત્વિક-યોગીક પ્રભાવ લુપ્ત થઈ જાય છે. તેમની સ્થિતી પહેલા હતી તેવી સામાન્ય મનુષ્ય જેવી થઈ જાય છે. યોગીના હ્રદયમાં પોતાના ભક્ત સમુદાય અને જે તે સ્થાન પ્રત્યે પ્રેમ હોય તે સ્વાભાવિક છે. પરંતુ જો તેમાં મોહ પેદા થાય તો તે અનીષ્ટકકારક છે. તેથી સૌએ પ્રેમ અને મોહ વચ્ચેનો ભેદ સમજવો ખુબ જ જરૂરી છે જેથી આપણું અકલ્યાણ ન થાય. જ્યાં પ્રેમ છે ત્યાં ત્યાગની ભાવના રહેલી છે. જ્યાં મોહ છે ત્યાં માલિકી ભાવ રહેલો છે. પ્રેમમાં જેના પ્રત્યે પ્રેમ હોય તેની પાસેથી લેવાની નહી પરંતુ માત્ર આપવાની ઉચ્ચ ભાવના રહેલી છે. મોહમાં જેના પ્રત્યે મોહ હોય તેના માટે માલિકી ભાવ રહેલો હોવાથી તેની પાસેથી બદલામાં લેવાની ભાવના પ્રબળ હોય છે આમ પ્રેમ અને મોહ વચ્ચે ખુબ જ પાતળી ભેદ રેખા રહેલી છે જો સાવધાન રહેવામાં ન આવે તો ક્યારે પ્રેમમાંથી મોહભાવમાં સરકી જવાય તેનો ખ્યાલ રહેતો નથી.

સદ્ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજના વિરલ-વિતરાગી જીવનના સંદર્ભમાં ખૂબ જ ચિંતન-મનન કરતા આપણને અવિસ્મરણીય અનુભૂતિ થશે. પરિણામે આપણા હ્રદયમાં ભક્તિનો ઉમંગ અને હર્ષની હેલી અચૂક હિલોળા લેશે. આપણે સૌ જાણીએ છીએ કે પૂજ્યશ્રીએ સં.૧૯૮૦માં કેદારેશ્વર મહાદેવના સ્થાનમાં ચતુર્માસનું રોકાણ કરેલ. આ સ્થાન કપડવંજ તાલુકામાં ઉત્કંઠેશ્વર મહાદેવથી લગભગ સાતેક કિલોમીટર દૂર વાત્રકનદીના કિનારે આવેલું છે. આ સ્થાન સ્થાયી વસવાટથી દૂર આવેલું છે. ચારે બાજુ ઉંચા માટીના ડુંગરની વચ્ચે એકાંતમાં આવેલું છે. તે સમયે આ ડુંગરોમાંથી ચારે બાજુ પાણીના ઘણાં ઝરણાં નીકળી નદીને મળતાં હતાં. તેથી નદીમાં બારે માસ પાણી રહેતું. ચારે બાજુ આંખને ઠંડક આપતી વનરાજી ખીલી ઊઠી હતી. લોકવાયકા મુજબ પાંડવો બાર વરસના વનવાસ દરમિયાન અહીં રોકાયેલ, ત્યારે શિવપૂજા કરવા શિવલિંગની સ્થાપના કરેલી. પાછળથી અહીં મંદિર બનાવવામાં આવેલ. શિવલિંગ પણ ઘડેલું નહીં પણ અણઘડાયેલ પથ્થરનું બનેલું છે. આવા પવિત્ર-નૈસર્ગિક વાતાવરણમાં પૂજ્યશ્રીએ રોકાણ કરેલ. પૂજ્યશ્રીની સાથે પૂરા ચતુર્માસ માટે રહેવાનો અને સેવા કરવાનો અમૂલ્ય લાભ મને (ઉષાબેન) તથા શ્રી ગુરુધ્યાન ભિક્ષુજીને ગુરુકૃપાએ જ મળ્યો હતો. રોકાણ દરમિયાન પૂજ્યશ્રી સર્વજીવ હિતાય-સુખાય અનેકવિધ આધ્યાત્મિક-સાત્ત્વિક નિષ્કામ સતત લોકકલ્યાણની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત રહેલાં. અહીં જપ-તપ-સ્વાધ્યાય-સત્સંગ-અનુષ્ઠાન-યોગદર્શન ઉપર વાર્તાલાપ સતત થતો. પૂજ્યશ્રીએ ત્રણ ગાયત્રી-અનુષ્ઠાન સંપૂર્ણ વિધિ-વિધાન મુજબ કરેલ. અહીં પંચાક્ષરી કલ્યાણમંત્ર ઓમ્ નમઃ શિવાય ઓમ્નો બાર કલ્લાકનો, કામકલ્યાણ ગાયત્રીમંત્રનો ચોવીસ કલાકનો તથા સંકટમોચન મારૂતિમંત્રનો દશ કલાકનો જપયજ્ઞ ભક્તોએ પૂજ્યશ્રીની નિશ્રામાં આશીર્વાદથી કરેલ. ત્રણ દિવસનો ગુરુપૂર્ણિમાંનો ઉત્સવ ઊજવવામાં આવેલ. પૂજ્યશ્રી પાતાંજલયોગદર્શન ઉપર વાર્તાલાપ કરતા. મને તથા શ્રી ગુરુધ્યાન- ભિક્ષુજીને ઋષિપરંપરા મુજબ પાતંજલ યોગદર્શનનું જ્ઞાન આપેલ. નિયમિત સ્વાધ્યાય સત્સંગ થતો. પૂજ્યશ્રીના સાંનિધ્યમાં દરરોજ મંદિરમાં શિવલિંગ ઉપર અભિષેક થતો. આવા સતત્ થતા આધ્યાત્મિક કાર્યક્રમો પૂજ્યશ્રીની નિશ્રામાં થતા. તે સમયે ત્યાં જે ભક્તો ઉપસ્થિત હોય, તે સૌ તેનો અમૂલ્ય લહાવો ગુરુકૃપાએ લેતા. ત્યાં સૌ આશ્રમીજીવન જીવતા. કુદરત જ્યાં સોળેકળાએ ખીલી રહેતી તેવા સંપૂર્ણ નૈસર્ગિક આ સ્થાનને ગુરુજીએ ગુજરાતનું કાશ્મીર કહેલ. પૂજ્યશ્રીની નિશ્રામાં સર્વજીવ હિતાય-સુખાય સતત થતા આધ્યાત્મિક-સાત્ત્વિક કાર્યક્રમોને પરિણામે ગુરુજીની દિવ્ય-સાત્ત્વિક-પરમ્કલ્યાણકારી ઉર્જા-ચેતના ટૂંક સમયમાં જ ચોપાસ દૂર દૂર સુધી ફેલાઈ ગઈ હતી. પરિણામે આજુબાજુનાં ગામના ઘણા પ્રતિષ્ઠિત લોકો પૂજ્યશ્રી પાસે આવવા લાગ્યા. તેઓ સૌ પૂજ્યશ્રી પ્રત્યે પૂજ્યભાવથી ખૂબ જ આત્મીયતા-પ્રેમ-ભક્તિપૂર્વક આદર કરતા. ધીરે ધીરે લોકો પૂજ્યશ્રીને પોતાના ઘરે-ગામમાં પધરામણી કરવા વિનંતી કરવા લાગ્યા. પૂજ્યશ્રીના ચાતુર્માસના રોકાણ દરમિયાન ત્યાં છેલ્લો મોક્ષદાયી 'ઓમ્ ગુરુ ઓમ્' મહામંત્રનો બોંતેર કલાકનો અખંડ જપયજ્ઞનો કાર્યક્રમ યોજાયો હતો. આ મહામંત્ર જીવ-જગતના કલ્યાણ માટે પૂજ્યશ્રીએ પ્રથમ વાર

જ કલ્યાણકામીઓ માટે પરમ કૃપાળુ ઓમ્ પરમાત્માની કૃપા-પ્રેરણાથી વ્યક્ત કર્યો હતો. અમે શેઠ ભગુભાઈ ચંદુભાઈના વિશ્રામભુવનમાં રોકાયેલ. તેમનો નજીકમાં આવેલ ઉત્કંઠેશ્વરમાં વૃદ્ધાશ્રમ હતો. તેનું સંપૂર્ણ સંચાલન તેમનાં ધર્મપત્ની શારદાબા કરતાં હતાં. તેમણે આ બધી વાત જાણી તેથી તેમણે કેદારેશ્વરનું વિશ્રામભુવન તથા તેમની જે જમીન હતી, તે બધું જ પૂજ્યશ્રીને આપવાની તૈયારી બતાવી, ત્યાં આશ્રમ સ્થાપવા માટે સંદેશો મોકલેલ. તદ્‌ઉપરાંત ત્યાં બાજુમાં આવેલ તેલનાર ગામ હસ્તકની જમીન, એક નાનકડું મકાન તથા બીજું અધૂરું બાંધેલ મકાન એ બધું જ પૂજ્યશ્રીને આપવાની તૈયારી ગામના સર્વે આગેવાન ભાઈઓએ બતાવેલી. આ લોકો પૂજ્યશ્રી પ્રત્યે ખૂબ જ પ્રેમ-ભક્તિભાવ રાખતા. તેમણે પૂજ્યશ્રીની ખૂબ જ સેવા કરવાનો લહાવો લીધો હતો. પૂજ્યશ્રી બધાની વાત સાંભળતા. પછી હસીને કહેતા કે તમારા હૃદયમાં અમારા માટે જે પ્રેમ અને આત્મીયતા છે, તે ખૂબ જ ધન્યવાદને પાત્ર છે. પણ અમારી ભાવના વસુધૈવકુટુંબકમ્‌ની છે. સર્વજગતને અમે પરિવાર માનીએ છીએ, તેથી જ્યાં જેટલો સમય રહીએ, ત્યાં તેટલો સમય આશ્રમ. આમ, આખું જગત અમારા મન આશ્રમ છે.

ચતુર્માસના રોકાણ દરમિયાન કેદારેશ્વરમાં પૂજ્યશ્રીની નિશ્રામાં મોક્ષદાયી મહાકલ્યાણમંત્ર 'ઓમ્ ગુરુ ઓમ્'નો બોંતેર કલાકનો જપયજ્ઞ ખૂબ જ ભક્તિભાવપૂર્વક કરવામાં આવેલ. તેની પૂર્ણાહૂતિના બીજા દિવસે સવારથી સૌ ભક્તો પોતાના મુકામે પાછા જવા રવાના થવા લાગ્યા. સાંજ સુધીમાં તો બધા જ રવાના થઈ ગયા. ત્યાં પૂજ્યશ્રીની પાસે હું, શ્રી ધ્યાન ભિક્ષુજી, શશિકાન્તભાઈ, હર્ષદભાઈ માસ્તર તથા અજયભાઈ હતા. ત્યાર પછીનો એક દિવસ જવા દઈ પછીના દિવસે પૂજ્યશ્રીએ અમને સવારે ઉઠાડીને કહ્યું કે બપોર સુધીમાં બધો જ સામાન બાંધી દો, આજે અમદાવાદ જવા નીકળી જવાનું છે. આ વાતની જાણ કોઈને પણ કરી નથી. માત્ર ડૉ. સ. સ. ભિક્ષુજીને કહ્યું છે કે આજે સાંજે ગાડી લઈને આવે. એ આવે એટલે આપણે સૌએ નીકળી જવાનું છે. અમે સામાન પૅક કરતા હતા, ત્યાં તેલનાર ગામના ભાઈ આવેલ, તેમણે આ વાત જાણી. તેમણે ગામમાં જઈ આ વાત જણાવી. ગામવાળા આભા બની ગયા. આવીને ગુરુજીને હજુ રોકાવાનો આગ્રહ પણ કર્યો. ગુરુજીએ તે સૌને પ્રેમપૂર્વક સમજાવ્યા કે ચાર માસ રોકાઈ સૌએ ભેગા થઈ ખૂબ જ સાધના-ભજન-સત્‌સંગ કર્યો. અમદાવાદના ભક્તો પણ રાહ જોતા હોયને. આમ, અમે સાંજે અમદાવાદ આવવા નીકળ્યા. અમદાવાદ આવવા માટે તેલનાર ગામમાંથી પસાર થવું પડે. અમે તેલનાર ગામ પહોંચ્યા, તો આખું ગામ પૂજ્યશ્રીને વિદાય આપવા ઉમટ્યું હતું. વિદાય આપવા બન્ને બાજુ ગામનાં ભાઈ-બહેન પાદર સુધી ઊભાં હતા. કેટલાય લોકોની આંખમાં આંસુ હતાં. અમારી ગાડી પસાર થતી હતી અને ગુરુજી સર્વેનું અભિવાદન કરતા હતા. આમ, અમે અમદાવાદ આવવા નીકળ્યા. અમદાવાદ આવવાનો કાર્યક્રમ એવો નક્કી થયો હતો કે પહેલા ડાકોર શ્રી ધ્યાનભિક્ષુજીના ઘરે જવું. ત્યાં એક દિવસ રોકાઈને ત્યાર બાદ અમદાવાદ અમારા નિવાસસ્થાને ખાડિયા દેસાઈની પોળે જવું. ત્યાં એક દિવસ રોકાઈને પછી પૂજ્યશ્રીના નિવાસસ્થાન ધર્મમેધમાં જવું. આમ, રોકાતા રોકાતા પૂજ્યશ્રી પાછા ધર્મમેઘમાં પધાર્યા.

આ આખો પ્રસંગ શક્ય એટલા વિસ્તારપૂર્વક જણાવવા પાછળ પૂજ્યશ્રીના વિતરાગી-વિરલ-મોહમાયાથી પર સાચા સ્વરૂપને જાણવા-સમજવાનો ઉદ્દેશ્ય રહેલો છે. જ્યાં કુદરત સોળેકળાએ ખીલેલી રહેતી તેવું સંપૂર્ણ નૈસર્ગિક રમણીય પવિત્ર સ્થાન. વળી, પૂજ્યશ્રીના ચતુર્માસના રોકાણ દરમિયાન આસપાસનાં ગામજનોનો ખૂબ જ સાથસહકાર મળતો રહેલ. તે સૌને પૂજ્યશ્રી પ્રત્યે ખૂબ જ આત્મીયતા-પ્રેમ-ભક્તિ અને આદરભાવ થઈ ગયેલો. પૂજ્યશ્રીની સેવા માટે સદાય તત્પર રહેતા. વિશ્રામભુવનના માલિક તથા તેલનાર ગામનાં ગામજનોની પૂજ્યશ્રી ત્યાં આશ્રમ બનાવે, તો તન-મન-ધનથી પૂરો સાથસહકાર આપવાની તત્પરતા. આમ, બધી જ સાનુકૂળ પરિસ્થિતિ હોવા છતાં ગુરુજીએ તે કશાયમાં મોહ રાખ્યો નહીં. મોહભાવથી સદાય દૂર રહી, જીવનનો એક અને માત્ર એક જીવ-જગતના કલ્યાણનો જે મુખ્ય ઉદ્દેશ્ય છે, તેને અનુરૂપ ચતુર્માસના રોકાણ દરમિયાન અનેકવિધ સાત્ત્વિક-આધ્યાત્મિક કાર્યક્રમો-સાધન, ભજન, સત્‌સંગની અવિરત કરુણા પૂજ્યશ્રીએ વરસાવી, પરંતુ તે

સ્થાન અને ત્યાં આધ્યાત્મિક લોકચાહનાની ઊભી થયેલી અદ્‌ભુત પરિસ્થિતિને સહેજ પણ મોહવશ થયા નહીં. એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તે બધું જ સંકેલી લઈ તે સ્થાન છોડી દીધું.

આ પ્રસંગ ઉપર આપણે ખૂબ જ ચિંતન-મનન કરીશું તો આપણને અચૂક સમજાશે કે ગુરુદેવ પૂર્ણતાને પામેલ પરમ્‌સિદ્ધ યોગીરાજ છે, તેમાં કોઈ જ સંશય નથી. તેમનો નિજાનંદ તો જીવજગતના કલ્યાણમાં જ રહેલો છે. તે સિવાય બીજા કશાયમાં મોહ નથી. પતંજલિમુનિએ યોગદર્શનના વિભૂતિપાદના સૂત્ર નં.૫૧ માં યોગીજનોએ જે સાવધાની રાખવાનું જણાવ્યું છે, તેમાં પૂજ્યશ્રી સતત સાવધાન છે જ. પરંતુ તેઓ પોતાની સિદ્ધાવસ્થા કોઈને પણ કળવા દેતા નથી. બધાયની સાથે સહજ રીતે જ હળતા-મળતા હોય છે.

આપણું અહોભાગ્ય છે કે આપણને સંપૂર્ણ પૂર્ણતાને પામેલ પરમસિદ્ધિ યોગીરાજ એવા સદ્‌ગુરુનું સાંનિધ્ય પ્રાપ્ત થયું છે. આપણે સૌ હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ કે અમારા જીવનના અંતિમ શ્વાસ સુધી આપના સાંનિધ્યથી એક પલ માટે પણ વિમુખ થઈએ નહીં, એવી કૃપા અમારા ઉપર વરસાવજો.

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

# ગુરુકૃપાને લઘુકૃપા ન બનાવી દઈએ !

- યોગભિક્ષુ

**(તા. ૧૮-૫-૨૦૦૧ના રોજ લાલગેબી આશ્રમ, હાથીજણમાં, પૂજ્ય મુક્તાબાની પુણ્યતિથી નિમિત્તે રખાયેલ યજ્ઞમાં, પૂજ્યશ્રી યોગભિક્ષુજીએ જે આશીર્વચન આપેલાં તેનો ટૂંકસાર)**

ઘણાં વર્ષે બે ગુરુભાઈઓ મળ્યા. એક કહે કે હું ખૂબ સુખી છું. મારા પર સંપૂર્ણ ગુરુકૃપા છે. એ સાંભળીને બીજો કહે કે પણ અમારા ઉપર ગુરુકૃપા ક્યારે થશે?

ખરેખર બંને સુખી હતા, પણ એક પાસે ગુરુકૃપા જોવાની દૃષ્ટિ હતી અને બીજા પાસે એવી દૃષ્ટિ નહોતી તેથી તેને એ પ્રશ્ન થતો હતો કે અમારા ઉપર ગુરુકૃપા ક્યારે થશે?

લોકોએ ગુરુકૃપાની વ્યાખ્યા કેટલી બધી છીછરી અને સસ્તી બનાવી દીધી છે! ગુરુકૃપાને પણ ભૌતિક કામનાઓ પૂર્ણ કરવાનું એક સાધન જ માની લીધું છે!

પરમગુરુ તો માત્ર પરમાત્મા એક જ છે કે જેમનું મુખ્ય નામ ઓમ્‌ છે. જેમના દ્વારા આપણને આવું ગૂઢ જ્ઞાન પ્રાપ્ત થાય છે, તેમને પણ આપણે ગુરુ-સદ્‌ગુરુ કહીએ છીએ. ગુરુકૃપા થાય ત્યારે જીવ, જગત અને જગદીશ્વર વગેરે બધું સાચા સ્વરૂપે સમજાય. ''શરીરધારીને સુખદુઃખ તો વત્તાઓછા પ્રમાણમાં અનિવાર્યપણે આવવાનાં જ, સુખદુઃખને સમાનભાવે ભોગવવાનો પ્રયત્ન કરવો જોઈએ.'' આવું બધું જ્ઞાન પ્રાપ્ત થાય અને તેનું જીવનમાં આચરણ કરી શકાય તો તેને ગુરુકૃપા થઈ કહેવાય.

જેમ કૂતરાને બે બટકાં રોટલી નાંખીએ એટલે તે પૂંછડી પટપટાવવા લાગે છે અને તેને બે બટકાં ન મળે તો ડાઉ-ડાઉ કરીને ભસવા લાગે છે, તેમ સામાન્ય મનુષ્યને થોડીક ભૌતિક સુખ-સગવડ પ્રાપ્ત થાય એટલે તે આનંદથી ઊછળી-ઊછળીને કહેવા લાગે છે કે મારા ઉપર પૂર્ણ ગુરુકૃપા થઈ; અને તેનાં થોડાંક સુખ-સગવડ નાશ પામે છે, કે જે સુખ-સગવડ હોય તે ખૂબ વધે નહીં તો તે કહેવા લાગે છે કે મારા ઉપર ગુરુકૃપા નથી, ક્યારે થશે?

ગુરુકૃપા દ્વારા શું આપણે બે બટકાં રોટલી જ મેળવવી છે? તે તો આપણે આપણા પોતાના પ્રયત્નથી મેળવી જ રહ્યા છીએ; તે તો પશુ-પક્ષીઓને પણ મળે જ છે. આપણે તો એવું અમૂલ્ય કાંઈક મેળવવું છે, જે આપણે જન્મો સુધી પ્રયત્ન કરીએ તોપણ મેળવી શકતા નથી. પુનઃપુનઃ શરીર ધારણ ન કરવું પડે એવું અણમોલ જ્ઞાન ગુરુસંતો પાસેથી મેળવવાનું છે અને તેમની છત્રછાયામાં રહી તે જ્ઞાનનું આચરણ કરીને જન્મ-મરણની મહા જંજાળમાંથી હંમેશા માટે મુક્ત થઈ જવાનું છે, મોક્ષ-મુક્તિ-કૈવલ્ય પ્રાપ્ત કરી લેવાનું છે.

ગમે તેટલાં સુખ-સગવડ પ્રાપ્ત હશે તોપણ શરીરધારીને દુઃખો તો આવવાનાં જ. માતાના ગર્ભમાં પ્રવેશથી માંડીને મૃત્યુ સુધીની સ્થિતિને સૂક્ષ્મ રીતે જો અવલોકી જઈએ તો જરૂર ખ્યાલ આવશે કે કેટલાં બધાં પ્રલયંકારી દુઃખોમાંથી જીવને પસાર થવું પડે છે. એ બધાં દુઃખો, ત્રાસ, વિટંબણાઓનો; પરિતાપો, ધર્મસંકટો, ઊથલપાથલોનો અને આસમાની-સુલતાનીઓનો ચિતાર જો આપણાં કલ્પાનચક્ષુ સમક્ષ ખડો કરી શકીએ, તો તરત ધ્રૂજી જઈએ - મૂર્છિત થઈ જઈએ. એ અગણિત અનંત દુઃખોના દરિયામાંથી, રૌ-રૌ નર્કમાંથી કાયમી છુટકારો પ્રાપ્ત કરવા માટે, સનાતન સુખને મેળવવા માટે મોક્ષ એક જ પરમ સાધન છે. મોક્ષ એટલે શરીર જ ધારણ ન કરવું પડે તેવી સ્થિતિ. જો શરીર ધારણ કરીએ તો સુખ-દુઃખ, એ તેના ધર્મો તો સાથે આવવાનાં જ. બધાં જ સુખોની પ્રતિક્રિયા દુઃખ છે. માત્ર મોક્ષ જ એક એવું સુખ છે કે જેની પ્રતિક્રિયા જ નથી. આવી પ્રતિક્રિયા વગરના સુખને પ્રાપ્ત કરવાની યુક્તિ-પ્રયુક્તિઓ પ્રાપ્ત થાય અને તે મુજબ આચરણ કરવા લાગીએ તેને કહેવાય ગુરુકૃપા પ્રાપ્ત થઈ.

ગુરુકૃપા દ્વારા સાર-અસારના, નિત્ય-અનિત્યના વિવેકને યથાર્થ રૂપે સમજીએ. કામ, ક્રોધ, મદ, લોભ, મોહ, મત્સર વગેરેને તો આપણે સમજીએ જ છીએ, તે તો આપણામાં રૂંવાડે-રૂંવાડે વ્યાપેલાં છે જ છે. તે બધાથી પર થઈ જવા માટે ગુરુકૃપાની જરૂર છે. મનુષ્ય-પ્રયત્નની હદની બહારનું જે છે તેને પ્રાપ્ત કરવા માટે ગુરુકૃપાની આવશ્યકતા છે.

ભારતના વડાપ્રધાન આવીને કહે કે મારો એક દિવસ હું તમને આપું છું, તમારે મારી પાસેથી જે કાંઈ કામ લેવું હોય તે લ્યો. આપણે વિચારીએ કે મારે રોજ ઘર સાફ કરવાનું, રાંધવાનું, કપડાં ધોવાનું વગેરે કામ કરવું પડે છે, તો તે બધું કામ વડાપ્રધાનને સોંપું તો એક દિવસ તો આરામ મળે, તેથી તે કામ તેમને સોંપ્યું. તેમણે તે કર્યું. દિવસ પૂરો થયો અને તેઓ ચાલ્યા ગયા. પછી આપણી એની એ જ હાલત, ઘાણીના બળદ જેવી. વડાપ્રધાન તો એવું અને એટલું આપી શકે તેટલા શક્તિશાળી હતા કે જેથી આપણા કાયમનાં મહેનત-મજૂરી છૂટી જાત. પણ આપણે તો કંચનના બદલે કાચ માંગ્યો તો વડાપ્રધાન શું કરે? આપણે પણ ગુરુકૃપા દ્વારા વાસનાઓ-કામનાઓ રૂપી કાચ જ માંગીએ તો ગુરુકૃપા શું કરે?

સત્યનારાયણની કથામાં આવે છે કે સાધુ-વાણિયો અઢળક ધન કમાઈને વહાણમાં પોતાના દેશ આવતો હતો. ત્યાં અધવચ્ચે જ તેના વહાણમાં એક સંત પ્રગટ થયા અને પૂછવા લાગ્યા કે તારા વહાણમાં શું ભર્યું છે? વાણિયો ધનના કેફમાં છકી ગયો હતો તેથી તે એટલો પણ વિચાર ન કરી શક્યો કે દરિયાની અધવચ્ચે વહાણમાં કોણ પ્રગટ થઈ શકે ? તેથી તેણે ઉડાઉ જવાબ આપ્યો કે મારા વહાણમાં ફક્ત વેલા અને પાંદડાં જ ભર્યાં છે. સંત રૂપે પ્રગટ થયેલા ભગવાને કહ્યું કે તથાસ્તુ, અર્થાત્ તેમ થાઓ. તેથી વહાણમાં જે કાંઈ હતું તે બધું વેલા-પાંદડાંમાં ફેરવાઈ ગયું. આમ, મનુષ્ય પણ અવારનવાર મૂર્ખાઈ કરતો હોય છે. બધી સુખસગવડ હોવા છતાંય ગુરુકૃપા નથી, ગુરુકૃપા નથી તેમ કહ્યા કરે છે. પછી ગુરુકૃપા કહેશે કે તથાસ્તુ, તો? મનુષ્યે થોડુંક તો બુદ્ધિશાળી થવું જોઈએને?

ગુરુકૃપા એટલે લઘુકૃપા નહીં; ભારે કૃપા, મહત્ત્વની કૃપા, પરમકૃપા. પરમકૃપા કોણ કરી શકે? કે જે પરમ હોય તે. પરમાત્મા પરમ છે. પાતંજલયોગદર્શનમાં કહ્યું છે કે –

**(૧) ક્લેશ, કર્મ, કર્માશય વગેરે જેમાં નથી તેવું વિશિષ્ટ ચૈતન્ય ઈશ્વર છે. (૨) ઈશ્વર સંપૂર્ણ સર્વજ્ઞ છે. (૩) ઈશ્વર ત્રિકાલીન ગુરુઓના પણ ગુરુ છે. (૪) ઈશ્વરનું નામ પ્રણવ-ઓમ્ છે. (૫) ઓમ્‌મંત્રનો જપ અર્થની ભાવના સાથે કરવો. (૬) તેથી ચૈતન્યનો સ્વાનુભવ અને અંતરાયોનો અભાવ થાય છે.**

આવી-આવી સાચી, ગૂઢ, રહસ્યમયી, કલ્યાણદાયી તારનારી વાતો અને સમજણોને; આપણને ખૂબ પ્રેમથી જેઓ સમજાવે છે, તેમને પણ આપણે ગુરુ કહીએ છીએ, ગુરુ માનીએ છીએ, માનવા જ જોઈએ.

આપણી બેદરકારીના કારણે 'ગુરુ', લઘુ ન બની જાય અને 'ગુરુકૃપા', લઘુકૃપા ન બની જાય તે માટે સાવધાન રહીએ.

હે પરમગુરુ પ્રણવપરમાત્મા, આજે ગુરુપૂર્ણિમાના પરમપવિત્ર દિવસે અમારી આપને પ્રાર્થના છે કે અમે સૌ ગુરુકૃપાને **ગુરુકૃપા** તરીકે જ સમજી શકીએ તેવી કૃપા કરશો.

કદાચ આપણને એવો વિચાર આવે કે મોક્ષમાં તો શરીર જ ન હોય, તો પછી સુખનો અનુભવ શાનાથી થાય ? આ પ્રશ્નનો જવાબ તો આપણને રોજ મળી જાય છે. રાત્રે સ્વપ્નમાં આપણે કેવા-કેવા અલૌકિક અનુભવો કરીએ છીએ? તે વખતે સ્થૂળ શરીર તો પથારીમાં પડ્યું હોય છે તોય બધા વિષયોના અનુભવ થાય છે! જાગૃત અવસ્થામાં જે અનુભવ ન કરી શકીએ તેવા ઊડવા વગેરેના અનુભવો પણ સ્વપ્નમાં થાય છે. આ સ્વપ્નમાં થતા અનુભવો વખતે શરીર કે ઇન્દ્રિયો કોઈ જ સક્રિય હોતાં નથી તોય થાય છે, તો મોક્ષાવસ્થામાં સુખના, આનંદના અનુભવો કેમ ન થાય? મોક્ષ, સ્વપ્ન કરતાં ઘણી ઊંચી, અલૌકિક, દિવ્ય અવસ્થા છે.

# પ્રેરકપ્રસંગ

**- કિરણ પટેલ**

॥ ૐ ગુરુૐ ॥

(૧) ઉમરેઠ નિવાસી પરમ ગુરુપ્રેમી શ્રી રમેશભાઈ પંડ્યાના અતિ આગ્રહને વશ થઈ પ.પૂ.શ્રી ગુરુદેવને મળવાની તાલાવેલી જાગી. પ.પૂ.શ્રી ગુરુદેવે નર્મદાકિનારે કરનાલી મુકામે ૯ દિવસનો અખંડ સંગીતમય ગાયત્રી-મંત્રજાપ રાખ્યો હતો. તે દરમિયાન શ્રી રમેશભાઈના પત્રને લીધે પરમપૂજ્યશ્રી ગુરુદેવના દર્શને જવા માટે પ્રયાણ કર્યું. ગુજરાત ક્વીન ટ્રેનમાં સવારે નીકળ્યા અને બપોરે લગભગ ૧૨.૩૦ કલાકે પહોંચ્યા. તે દિવસે મારો ઉપવાસ હતો. પૂ.ગુરુ ધ્યાનભિક્ષુજીએ પૂજ્યશ્રીનો પરિચય આપી ઘણી વાતો કરી. એમણે ભોજનપ્રસાદીના કરેલા આગ્રહનો પણ મેં અનાદર કર્યો. એ મારી અણસમજ અને જડતા હતી, જેની મને ખબર ન હતી, પરંતુ છેવટે એમના અતિ આગ્રહને વશ થઈ શીરાની પ્રસાદી લીધી.

પરમપૂજ્યશ્રી ગુરુદેવની અનુમતિથી જિંદગીમાં પ્રથમ વાર જ પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળ્યો. મનનાં દુઃખો અને હૃદયનો ઊભરો ઠાલવવા માટે મન તલપાપડ થયા કરતું હતું. બધે બધું ક્યારે ઓકી નાખું એ જ વિચાર આવતો હતો. પરંતુ આશ્ચર્ય એ વાતનું હતું કે પૂજ્યશ્રીની સામે હું એક હરફ સુધ્ધાં ઉચ્ચારી ન શક્યો. જે કંઈ પૂછ્યું એનાથી વધારે બોલી જ ન શકાયું.

જતાં-જતાં મેં પૂજ્યશ્રીને ઘરે પધારવાનો આગ્રહ કર્યો. પૂજ્યશ્રીએ ઘરની વિગત પૂછી. મારું ઘર દેશી નળિયાંવાળું, છાણમાટીનું, કામળાવાળું, લીંપણવાળું સળંગ રહેઠાણ હતું, જેમાં પૂજ્યશ્રી પધારે તો બે-ત્રણ ગુરુભક્તો સાથે રહી શકાય એવી વ્યવસ્થા જ ન હતી. પૂજ્યશ્રીએ કહ્યું કે, ''જ્યારે ઘર બનશે, ત્યારે આવીશું.'' મને ત્યારે જ મારી જાત ઉપર હસવું આવ્યું. ક્યારે ઘર બનશે અને ક્યારે પૂજ્યશ્રી પધારશે?!! આ એક દુખદ સ્વપ્ન જ હતું. પરંતુ મારા સુખદ આશ્ચર્ય વચ્ચે પૂજ્યશ્રીની મુલાકાતની એક માસની મુદત પૂરી થાય તે પહેલાં જ પાંચ વર્ષ પૂર્ણ કર્યાં હોય તેવાં જી.વી.કો. કર્મચારીને ઘરની લોન મળશે, એવો ઠરાવ પસાર થયો. હું બધા જ નિયમો હેઠળ આવી જતો હતો. મારા ગામમાં મારું ઘર હતું, પરંતુ તેમાં વારસાઈ થઈ નહોતી. એટલે વળી પાછી શક્યતા ઘટી ગઈ.

સ્ટાફમાં ઘરની લોનની ચર્ચા થતાં ઘર બનાવવાની હવાએ જોર પકડ્યું. અમારા એક મોટા એજન્ટને કાને વાત આવતાં એમણે સામેથી રસ દાખવી આ વાત આગળ વધારી સોસાયટી માટેની પૂરતી તૈયારી થઈ ગઈ. વાતચીતને આકાર મળ્યો. લોન પણ પાસ થઈ ગઈ. વલસાડના નંબર-૧ વિસ્તાર તિથલરોડ પર જ બિલ્ડિંગ બન્યું. પરમપૂજ્યશ્રી ગુરુદેવના મુખારવિંદમાંથી પ્રગટેલી વાણીએ સાકાર સ્વરૂપ ધારણ કર્યું. સ્વપ્નમાં પણ કદી ન વિચારેલી. શેખચલ્લીમાં ખપે તેવી વાતનું હકીકતમાં રૂપાંતર થયું. કેવી અહૈતુકી કૃપા?! પૂજ્ય સ્વામીશ્રી યોગાનંદ પરમહંસની પુસ્તિકા 'યોગીકથામૃત'માં વાંચેલી વાત યાદ આવી, ''સિદ્ધ-મહાત્માઓના મુખેથી

અનાયાસે પણ નીકળેલી વાણી સાકાર સ્વરૂપ ધારણ કરે છે,'' જેનો જીવતો-જાગતો પુરાવો ખુદ ગુરુદેવશ્રી પોતે જ છે.

(૨) આવો જ બીજો પ્રેરકપ્રસંગ યાદ આવે છે. અમારું રહેઠાણ. 'શ્રી યોગભિક્ષુ કૃપા, તિથલરોડ, વલસાડમાં' પ.પૂ.શ્રી સાથે બધા જ સભ્યો આનંદવિભોર સ્થિતિમાં રહેતાં હતાં. અમે સૌ ગુરુદેવ સાથે જમ્યાં પછી થોડીવારમાં તિથલના દરિયાકિનારે ટહેલવા નીકળી જતાં. પૂજયશ્રી પાસેથી જાતજાતની વાતો જાણવા અને સાંભળવા મળતી. અમે સૌ કુટુંબીજનોએ પ્રથમ વાર જ દરિયામાં સ્નાન કરવાનો અમૂલ્ય લહાવો પ્રાપ્ત કર્યો.

અમે સૌ સંધ્યાટાણે પૂજયશ્રી સાથે મસ્તીમાં બેઠાં હતાં, આ સમય દરમિયાન સાંઈબાબા મંદિર તરફથી આવતાં એક સ્વામીજી ઉપર સૌની નજર પડી. પૂજયશ્રીએ તેમના વિશે સ્ત્રી છે કે પુરુષ તે અમને પૂછ્યું, અમે સ્ત્રી છે એમ કહ્યું. પૂજયશ્રીએ પુરુષ છે એમ કહ્યું. આ દરમિયાન સ્વામીશ્રી ઢળતી સંધ્યાએ સૂર્યનારાયણના દર્શન કરતાં અમારી તરફ ચાલ્યા આવતા હતા. લગભગ ત્રીસથી ચાલીસ ફૂટ દૂરથી એમની નજર પૂજયશ્રી ઉપર પડી. તેઓશ્રી અમને ક્રૉસ કરી ગયા. સૂર્યનારાયણ અસ્ત થયા પછી તેમણે અમારી બાજુ સીધું જ પ્રયાણ કર્યું. તેમણે પૂજયશ્રીને પ્રણામ કર્યા અને પાસે બેસી ગયા. એમણે સીધો જ પ્રશ્ન કર્યો, ''આપ યોગભિક્ષુજી હો ન?'' પરમપૂજયશ્રીએ કહ્યું કે ''હા, હમ યોગભિક્ષુજી હૈ.'' તેઓ ખૂબ ગેલમાં આવી ગયા અને પૂજયશ્રીના પગ અને હાથ દબાવવા માંડ્યા. પૂજયશ્રીએ પૂછ્યું કે આપ પહેલે બતાઈયે કી આપ કૌન હો? તેઓશ્રીતો બતાતા હુઁ... બતાતા હુઁ... એમ કહેતાં જતા હતા અને પગ દબાવવાનું છોડતા ન હતા. અમારા આશ્ચર્યનો પાર ન હતો. આ સ્વામીજી કોણ હશે ?

પૂજયશ્રીના આગ્રહને લીધે તેમણે પરિચય આપ્યો. મૈં સત્‌દેવ હુઁ, આબુવાલે સત્‌દેવ. આપ ભૂલ ગયે? પૂજયશ્રી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. તેમણે સ્વામીજીને તેમના લાંબા વાળ અંગે પૃચ્છા કરી. તેમણે કહ્યું, ''વે સબ બોજ લગ રહે થે, ઈસલિયે કટવા દિયે.'' (એમના વાળ ખૂબ લાંબા હતા. તેથી તેમના ટૂંકા વાળ જોઈ ગુરુજી તુરંત ઓળખી શક્યા ન હતા.) પૂજયશ્રીએ કહ્યું કે, ''ગુરુભક્તો સાથે ઉત્તરકાશી અને ગંગોત્રી જવા માટેનો કાર્યક્રમ ચાલે છે, જેથી આપને જ યાદ કરતા હતા.'' શ્રી સત્‌દેવજીએ કહ્યું, ''હમ જાનતે હૈં, આપ જીસકો યાદ કરતે હૈં, વો અપને આપ સામને આ જાતે હૈં''

પ.પૂ.શ્રી ગુરુદેવશ્રીનો કેવો અદ્‌ભુત પરિચય!!! યોગીરાજના પરિચયની ચરમ-સીમા !

શ્રી સત્‌દેવજીનો જન્મ હિમાલયમાં નવ હજાર ફૂટની ઊંચાઈએ થયો હતો. તેઓશ્રી ૩૩ વર્ષની વયે વેદાંતના પીએચ.ડી. થયા હતા. પૂજયશ્રી જયારે આબુ ગયા હતાં, તે સમયે તેઓશ્રીના પરિચયમાં આવ્યા હતા.

અંધારું થઈ ચૂક્યું હતું. બંને મહાત્માઓની વાતો સાંભળીને હૈયું પુલકિત થતું હતું. સત્‌દેવજીનો આગ્રહ હતો કે પૂજયશ્રી સાંઈબાબાના મંદિરે આવીને એમની સાથે આવેલા ગુરુભક્તોને આશીર્વાદ આપે. પૂજયશ્રીએ એમના આગ્રહને વશ થઈ સંમતિ આપી. શ્રી સત્‌દેવજીએ પૂજયશ્રીનો હાથ કસીને પકડ્યો હતો. તેઓશ્રીની ચાલ એટલી ઝડપી હતી કે અમે તો પાછળ-પાછળ દોડ્યે જ રાખ્યું હતું. અમે મંદિરે પહોંચ્યા ત્યાં સુધીમાં નવસારીથી લક્ઝરીમાં તેમની સાથે આવેલાં સૌ ગુરુભાઈ-બહેનો ચિંતાતુર હતાં કે, ગુરુદેવ ક્યાં હશે? તેઓ સૌ નજીક આવતાંવેંત પૂછવા માંડ્યા, ગુરુદેવ આપ કહાઁ થે? શ્રી સત્‌દેવજીએ કહ્યું કે પહલે આપ સબ યે મહાત્માજી કે પૈર છૂઓ ઓર બસ મેં બૈઠ જાઓ. મેં સબ આપકો બાદમે બતાતા હૂઁ. તેઓના આશ્ચર્યનો પાર ન રહ્યો. સૌ એવી લાગણી અનુભવતા હતા કે અમારા ગુરુદેવ જેમની ચરણરજ લેવા માટે કહે છે એ આ મહાત્મા કોણ હશે? ધન્ય છે સ્વામીશ્રી સત્‌દેવજીને કે જેમણે પરમપૂજયશ્રી ગુરુદેવના આશીર્વાદ અપાવી તેઓને ન્યાલ કરી દીધાં.

આગળના વાર્તાલાપમાં પરમપૂશ્રીએ સત્‌દેવજીને તિથલની ભૂમિ વિશે પૃચ્છા કરી. તે વિશે એમણે કહ્યું કે, વેદમાં આ ભૂમિનો ઉલ્લેખ છે. ભગવાન પરશુરામે એકવીસવાર પૃથ્વી નક્ષત્રીય કરેલ એ સૌને આ ભૂમિ પર અગ્નિસંસ્કાર કરાયેલ છે. ભગવાન પરશુરામ પોતે આ ભૂમિ પર વિચરતા હતા, તેથી આ ભૂમિને 'તીર્થભૂમિ' કહેવામાં આવી. સમય જતાં લોકો 'તીરથ' કહેતાં થયાં અને હવે અપભ્રંશ થઈને 'તિથલ' નામ પડ્યું. આ વાતની જાણ અમને ત્યારે જ થઈ.

# ઓમ્‌પરિવારના ઉપક્રમે શ્રી નવીનભાઈ પટેલના નિવાસ સ્થાને યોજાયેલ સ્વાધ્યાય-સત્સંગ તથા ગાયત્રિ-મારુતીયજ્ઞ

તા. ૩-૧૧-૨૦૧૯, રવિવાર

સંકલન - શશિકાંત પટેલ

સત્ય ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

ઓમ્‌પરિવારના આધ્યાત્મિક વડા પ.પૂ. સદ્‌ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીમહારાજના આધ્યાત્મિક પ્રેમી શ્રી નવીનભાઈ પટેલની ઘણા સમયથી ઈચ્છા હતી કે તેમના ઘરે ઓમ્ પરિવારના ઉપક્રમે સ્વાધ્યાય-સત્સંગ તથા ગાયત્રી-મારુતીયજ્ઞનું આયોજન થાય. તે માટે તેઓ પ.પૂ. સદ્‌ગુરુદેવની અનુમતીની પ્રતિક્ષા કરતા હતા. છેવટે પૂજ્યશ્રીએ અહેતુકી કૃપા કરી તેમને અનુમતિ આપી. આમ, તા. ૩-૧૧-૨૦૧૯,ને રવિવારે તેમના નિવાસસ્થાને ઉપર્યુક્ત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. તે નિમિત્તે પૂજ્યશ્રીએ ટેલિફોનના માધ્યમ દ્વારા જે કલ્યાણકારી સદ્‌બોધરૂપી આશીર્વચનની પરમકૃપા વરસાવી તેને નીચે મુજબ રજૂ કરવાનો નમ્ર પ્રયત્ન ગુરુકૃપાએ કરવામાં આવ્યો છે.

**આશીર્વચન**

સત્યધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

સર્વેનું સ્વાગત-વંદન-અભિનંદન-આશિષ.

પરમ્‌કૃપાળુ પરમાત્માની દયાથી ઘણા સમય પછી આજે તમે સૌ ગાયત્રી-મારુતિ યજ્ઞનો અપૂર્વ લહાવો લઈ રહ્યા છો, તે માટે નવીનભાઈ નિમિત્ત બન્યા છે. નવીનભાઈની ઘણા સમયથી ઓમ્‌પરિવારના ઉપક્રમે તેમના નિવાસસ્થાને ગાયત્રી-મારુતિયજ્ઞ કરાવવાની ઈચ્છા હતી. પરમ્‌કૃપાળુ ઓમ્‌પરમાત્માની કૃપાથી તેમની ઈચ્છા પૂરી થઈ. નવીનભાઈ તથા તેમનો પરિવાર ખુબ જ ગુરુપ્રેમી છે. તેઓ અવારનવાર ધર્મમેઘમાં આવતા હોય છે. નવીનભાઈ પોતે તો વધુ સમય કડી તાલુકાના ભટાસણ ગામે રહે છે, તેથી બધા જ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શકતા નથી, પરંતુ ગુરુપૂર્ણિમા અને ઓમ્‌જયંતીના કાર્યક્રમમાં કાયમ ઉપસ્થિત રહે છે. આજે જ્યાં યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે, ત્યાં તેમનો દીકરો રહે છે. થોડા-થોડા સમયે નવીનભાઈ પણ ત્યાં રહેવા આવતા હોય છે, ત્યારે તેઓ અમને નારાયણ કરવા ધર્મમેઘમાં આવતા હોય છે.

વિક્રમસંવત ૨૦૭૪ ના આસો વદ દશમના દિવસે અમે નેવુંમા વર્ષમાં શુભપ્રવેશ કરેલ, ત્યારે તમે સૌ ભક્તોએ ઓમ્‌પરિવારના ઉપક્રમે સર્વજીવહિતાય-સુખાયના વિવિધ લોકકલ્યાણના કાર્યક્રમોનું સમગ્ર નેવુંમા વર્ષ દરમિયાન નિષ્કામ ભાવે આયોજન કરવાનો શુભસંકલ્પ કરેલો. પરમ્‌કૃપાળુ ઓમ્‌પરમાત્માની અહેતુકી અનંત કૃપાથી સમગ્ર નેવુંમા વર્ષ દરમિયાન ખૂબ જ આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન થયેલ. મોટા ભાગે બધા જ કાર્યક્રમોમાં પર્યાવરણ-પરિશુદ્ધિ તથા ગાયત્રી-મારુતિયજ્ઞનું આયોજન તમે સૌએ ખૂબ જ પ્રેમ-ઉત્સાહ અને એકસંપથી પરસ્પર ખભેખભો મિલાવી સંકલ્પને પરમાત્માની કૃપાથી પાર પાડ્યો હતો. ત્યાર બાદ ઓમ્‌પરિવારના ઉપક્રમે સર્વજીવ-હિતાય-સુખાય યોજાતા આધ્યાત્મિક કાર્યક્રમોમાં યજ્ઞના કાર્યક્રમનો સમાવેશ કરવામાં આવતો ન હતો. ત્યાર બાદ આજે યજ્ઞના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં તમે સૌ ઉપસ્થિત થઈ તેનો અમૂલ્ય લહાવો લઈ રહ્યાં છો! તે માટે સૌને આશિષ-ધન્યવાદ. જીવનમાં જે કાંઈ સત્‌કર્મોનું આચરણ કરીએ તે માટેનું મુખ્ય પ્રેરકબળ પરમ્‌કૃપાળુ ઓમ્‌પરમાત્માની દયા, સદ્‌ગુરુદેવની કૃપા - આશિષ તથા માતા-પિતા દ્વારા સુસંસ્કારનું આપણામાં થયેલ સિંચન મુખ્ય છે એમ સમજવાનું છે. જો પ્રેમપૂર્વક અભિમાન રહિત આપણું આચરણ હશે, તો તે લેખે લાગશે, મનુષ્યજન્મ સાર્થક થશે. પરંતુ જો તેમાં હું પણાનો અર્થાત્ મિથ્યાભિમાનનો ભાવ ભળે તો કરેલું બધું જ એળે જાય, તેનું ફળ પ્રાપ્ત થાય નહીં. સૌએ બરોબર યાદ રાખવાનું છે કે અભિમાન મનુષ્યનું અધઃપતન કરાવે છે. જ્યારે નિરાભિમાનપણું ઉન્નતિના શિખરે પહોંચાડે છે, તેથી તો અનુભવીએ કહ્યું છે કે—

"તુમ થોડા કરો અભિમાન, એક દિન મિટ્ટી મેં મીલ જાના હૈ." મનમાં સતત એ ભાવનું સ્મરણ રાખવુ જોઈએ કે કાંઈ સત્‌કર્મ કરાઈ રહ્યું છે તે પરમાત્માની દયાથી થઈ રહ્યું છે. જે કાંઈ કરી રહ્યો છું તે હું નહીં પણ પરમાત્મા જ

કરાવી રહ્યા છે. તે માટે મને તો માત્ર નિમિત્ત બનાવ્યો છે. આ વાત ઉપર સંત રહીમનો એક પ્રસંગ યાદ આવે છે, સૌએ સ્મરણમાં રાખી બોધ લેવા જેવો છે.

સંત રહીમનું આખું નામ અબ્દુલ રહીમ ખાન ખાના હતું. તેઓ અકબરના દરબારમાં રાજકવિ હતા. તેઓ રોજ દરબારમાં જતા અને પોતે બનાવેલી નવી નવી રચના બાદશાહને સંભળાવતા. તે સાંભળી રાજા ખુશ થઈ તેમને રોજેરોજ નવી ભેટ-સોગાદ આપતાં. રહીમ તે ભેટ-સોગાદ લઈ જઈ ઘરમાં મૂકતા. પોતે તો સાદું જીવન જીવતા હોવાથી ભેટ-સોગાદ પડી રહેતી. તેમનો એક નિયમ હતો કે આખા વર્ષ દરમિયાન જે ભેટ-સોગાદ મળી હોય તે લોકોમાં લૂંટાવી દે. આ માટે તેમણે એક દિવસ નક્કી કરી રાખેલો. દર વરસે તેઓ આ પ્રમાણે કરતા. જેમજેમ લોકોને આ વાતની ખબર પડી તેમતેમ લોકો તેમણે નક્કી કરેલ દિવસના દસ-પંદર દિવસ પહેલાં તેમના ઘર પાસે આવીને બેસી જતા. રહીમ નક્કી કરેલા દિવસે વહેલા ઊઠી ઘરનાં બારણાં ખુલ્લાં મૂકી પોતે ઘરની બહાર નીકળી જતા. ઘર બહાર નીકળી બૂમ પાડતા કે આવો લૂંટી લઈ જાઓ. લોકો ઘરમાં ઘૂસી વરસ દરમિયાન જે ભેટ-સોગાદ ભેગી થઈ હોય તે લૂંટી લેતાં. કાંઈ જ બચતું નહીં. ઘર પણ અસ્તવ્યસ્ત થઈ જાય. સરસામાન તૂટવાથી ઘરમાં ચારે બાજુ કચરો થઈ જાય. પણ પોતે ઘરની બહાર દૂર ઊભા-ઊભા આ બધું જોઈને ખુશ થાય. સાંજ પડ્યે લૂંટનારા ચાલ્યા જાય પછી પોતે ઘરમાં જાય. કચરો સાફ કરે, ઘરને વ્યવસ્થિત કરે. બીજા દિવસથી પાછો પોતાનો નિત્યક્રમ ચાલુ થઈ જાય. રોજ દરબારમાં જવું, બાદશાહને નવી રચના સંભળાવવી, બાદશાહ દ્વારા મળેલી ભેટ-સોગાદ ઘરમાં લાવીને મૂકવી. તેઓ દરરોજ રાજદરબારમાં જાય અને પાછા ઘરે આવે ત્યારે તેમની નજર હંમેશા ધરતી તરફ નીચી ઢળેલી જ હોય. ક્યારેય પણ ઊંચી નજર રાખે નહીં. હંમેશાં નતમસ્તકે જ આવજા કરે. આ વાતની જાણ તુલસીદાસને થઈ. આથી તેમણે રહીમને ચિઠ્ઠી લખીને મોકલાવી. તેમાં તેમણે રહીમને પ્રશ્ન કરેલો કે—

**''ઐસી દેની દેન જ, કિત સીખે હો સૈન;**
**જ્યોં-જ્યોં કર ઊંચો કરો, ત્યોં-ત્યોં નીચે નેન''?**

તુલસીદાસજી રહીમને પૂછે છે કે તમે આવી નમ્રતા-નીઅહંકારીપણું ક્યાંથી શીખ્યા છો? વર્ષભર રાજા તમને જે ભેટ-સોગાદ આપે છે, તેનો તમે પોતાના માટે ઉપયોગ કરતા નથી. પરંતુ તે બધું જ ગરીબોમાં - જરૂરિયાતમંદોમાં લૂંટાવી દો છો, છતાં પણ તમને તેનો લેશ માત્ર ગર્વ—અભિમાન નથી. જેમજેમ લૂંટાવતા જાવ છો તેમતેમ વધુ ને વધુ નિર અહંકારી-નમ્ર થતા જાવ છો. તમારી જગ્યાએ જો બીજો કોઈ હોય તો છાતી કાઢીને રોફભેર ચાલે. તેના અભિમાનનો કોઈ પાર રહે નહીં. રહીમ તેનો સુંદર જવાબ આપે છે, દરેકે જીવનમાં યાદ રાખવા જેવો છે. રહીમ જવાબ આપતાં કહે છે કે—

**''દેનહાર કોઉ ઓર હૈ, જો ભેજે દિન રૈન;**
**લોગ ભરમ હમ પર ધરે, તાકી નીચે નેન.''**

રહીમ કહે છે કે હે સંતજી, આપવાવાળો તો બીજો કોઈ છે જે રાત-દિવસ સતત આપે છે. એટલે જે કાંઈ આપે છે, તે પરમાત્મા આપે છે. હું નથી આપતો. મને તો પરમાત્માએ કૃપા કરી માત્ર નિમિત્ત જ બનાવ્યો છે, પરંતુ લોકો એવું સમજે છે કે આ બધું હું આપી રહ્યો છું. તેથી મને શરમ આવે છે. મારામાં ગર્વ-અભિમાન આવે નહીં, તેથી સતત સાવધ રહી નીચી નજરે નીચો નમીને ચાલુ છું.

સૌએ એ વાતને સતત યાદ રાખવાની છે, સાવધ રહેવાનું છે કે જીવનમાં ક્યારે પણ કોઈ બાબતનું અભિમાન આવે નહીં. અભિમાન માણસને અધોગતિની ઊંડી ખાઈમાં ધકેલી દે છે. કહ્યું છે ને કે અભિમાન તો રાજા રાવણનું પણ રહ્યું નથી. રાવણનો જન્મ ઉચ્ચ બ્રાહ્મણ કુળમાં થયો હતો. તે મહાવિધ્યાન પંડિત હતો. શાસ્ત્રોનો જાણકાર હતો. અતુલ બળશાળી હતો. અખૂટ ઐશ્વર્યનો માલિક હતો. શંકરનો પરમ્‌ભક્ત હતો, પરંતુ તેનામાં અસીમ અહંકાર હતો. પરિણામે તેનો સમગ્ર કુળ સાથે નાશ થયો. અહંકારના કારણે મનુષ્ય નિત્યા નિત્ય, વિવેકમર્યાદાનું ભાન ગુમાવી દે છે ફળસ્વરૂપ સર્વનાશને નોતરે છે. ઘણી વાર આપણે આપણી જાતે મોટાઈ બતાવતા હોઈએ નહીં પરંતુ બીજા લોકો અને ક્યારેક ગુરુ-સંતો આપણને મોટા બનાવે તે સમયે આપણે જો અસાવધ હોઈએ તો આપણી ઉપર અહંકારરૂપી વિકાર ચડી બેસે કે જેના ભારથી આપણે નૈતિક પતનરૂપી ઊંડા કાદવમાં ખૂંપાઈ જઈએ પરંતુ જો સતત સાવધાનીપૂર્વક જીવીએ અને સતત એ જ ભાવનું ચિંતન-મનન કરીએ કે ભલેને મને મોટો બનાવે, પરંતુ મને મારી ખબર છે કે હું ઘણો જ નાનો છુ, ક્લિષ્ટ વૃત્તિ-વિકારોથી ભરેલો છું, તો આપણે અહંકારના વિનાશક ભારથી અધોગતિ તરફ ધકેલાવામાંથી બચી જઈએ. વળી, કેટલાક લોકો અજ્ઞાનતા અને ખોટી ભ્રમણાને વશ થઈ જીવનભર હું-હું અને મારું-મારું કરી મિથ્યા ગર્વના મદમાં રાચતા હોય છે. અરે ભાઈ, આ તારું શરીર કે જેની ઉપર તને ગર્વ છે, તે માત્ર તેની ઉપર ચામડીનું આવરણ છે, એટલે જ રૂડું રૂપાળું લાગે છે. પરંતુ જો

તેની ઉપરથી ચામડીનું આવરણ હટાવી દેવામાં આવે તો તે શરીરની સામું પણ કોઈ ન જુવે, કેમકે માત્ર લોહી-માંસ-હાડકાં વિગેરે ગંદકીથી ભરેલું તે શરીર જોઈ લોકો તેનાથી દૂર ભાગે. કોઈ જગ્યાએ ગંદકીનો ઢગલો પડ્યો હોય તેની ઉપર ટોપલો ઢાંક્યો હોય, ત્યાં સુધી ગંદકીની ખબર પડે નહીં. પરંતુ તેની ઉપરથી ટોપલો હટાવી લેવામાં આવે તો ખબર પડે કે ભાઈ આ તો ગંદકીનો ઢગ છે. તેનાથી દૂર ભાગો. શરીરનું પણ આવું જ છે. તેની ઉપરની ચામડીના આવરણથી સુંદર લાગે છે પણ આવરણ હટે તો ગંદકીથી ખદબદતું જ લાગે. જેમને આની ખબર છે તે સમજે છે કે ડુંગર દૂરથી જ રળિયામણા લાગે તેનું ગુમાન કરીને પોતાની જાતને જ છેતરી રહ્યા છીએ. સદ્‌ગુરુદેવ મિથ્યા અભિમાનથી સદા દૂર રહેવાનો જે સદ્‌બોધ આપે છે, તેને સાચો કલ્યાણવાંચ્છુ જીવનમાં ઉતારી કલ્યાણને પામે છે. તે સતત ચિંતન કરે છે કે હું-હું અને મારું-મારું સમજ મિથ્યા છે. મારું શું ગજું છે કે હું કોઈને કાંઈ આપી શકું. મારું શરીર પણ મારું નથી તે પણ માં-બાપે આપેલું છે. મારી પાસે વિદ્યા છે તે પણ બીજાએ આપેલી છે. મારાં પહેરેલાં કપડાં પણ દરજીએ આપેલાં છે. સમાજમાં મારો જે માનમોભો છે, ગાડી-વાડી છે, તે પણ માતા-પિતાએ સીંચેલા સુસંસ્કરોના કારણે છે. આમ, આપણી પાસે જે કાંઈ છે તે બીજાએ આપેલું છે, મારું પોતાનું કાંઈ નથી. તે બધું જો તેમને પાછું આપી દઈએ, તો આપણી પાસે કાંઈ જ ન રહે. આપણે શૂન્ય થઈ જઈએ. આજે નવીનભાઈના ઘરે ખૂબ જ ઉચ્ચ સ્તરનો સત્સંગ થઈ રહ્યો છે. પરમાત્માની દયાથી તેને ધ્યાનપૂર્વક સાંભળી ગાંઠે બાંધી, બરોબર પાકો કરી જીવનમાં ઉતારવાનો સતત પ્રયત્ન કરીને મનુષ્યજન્મ સાર્થક કરીએ. આપણા કલ્યાણ માટે સદ્‌ગુરુદેવ અનેક યુક્તિપ્રયુક્તિ દ્વારા સદ્‌બોધ આપવાની કૃપા કરતા હોય છે. તેમાંથી માત્ર એક જ સદ્‌બોધને મનને તેમાં સ્થિર રાખી બરોબર પાકો કરી જીવનમાં સાંગોપાંગ ઉતારી તેને અનુરૂપ જીવન જીવીએ, તો આપણો ઉદ્ધાર થઈ જાય, પરંતુ આપણે તેના બદલે થોડોક એકમાં પાછો થોડોક બીજામાં, ત્રીજામાં, ચોથામાં એમ અસ્થિરમને પ્રયત્ન કરીએ તો તે અધકચરા પ્રયત્નને કારણે આપણે કલ્યાણપથમાં આગળ વધી શકીએ નહીં.

પાંડવો અને કૌરવો વિદ્યાભ્યાસ કરતા હતા. પ્રથમ દિવસે તેમને તેમના ગુરુજીએ શીખવ્યું કે 'સત્યમ્ વદ' સાચું બોલો. પછી બીજા દિવસથી દરરોજ વિદ્યાભ્યાસ માટે બીજા કુંવરો આવે પણ એક યુધિષ્ઠિર આવે નહીં. આવું થોડા દિવસ ચાલ્યું. ગુરુજી વિચારે કે બીજા બધા કુંવર વિદ્યાભ્યાસ માટે નિયમિત આવે છે, પણ યુધિષ્ઠિર આવતા નથી, તેથી ગુરુજી યુધિષ્ઠિરને બોલાવે છે. તેમને પૂછે છે કે તમે રોજ વિદ્યાભ્યાસ માટે કેમ આવતા નથી? યુધિષ્ઠિર કહે છે કે ગુરુજી આપે પહેલા દિવસે 'સત્યમ્ વદ'નો જે પાઠ આપ્યો, તે બરાબર પાકો થાય તો પછી બીજો પાઠ લેવા આવુંને. હજી તો પહેલો પાઠ જ પાકો થયો નથી. આવા મહાપુરુષોએ ભારતમાં જન્મ લીધો અને અમર થઈ ગયા.

પરમાત્માની કૃપાથી આપણા દરેક કાર્યક્રમમાં મનુષ્યજન્મ સાર્થક કરવાનો જે સત્સંગ થાય છે તેને બરોબર ધ્યાનપૂર્વક સાંભળી, હૃદયમાં ઉતારી, તે મુજબ જીવન જીવીએ, તો કાર્યક્રમમાં ઉપસ્થિત થવું સાર્થક થાય. પ્રણવ પરમાત્માને પ્રાર્થના કરીએ કે મનુષ્યજન્મ સાર્થક કરવામાં પ્રેરક સદ્‌બોધને જીવનમાં ઉતારી મનુષ્યજન્મ સાર્થક કરી શકીએ, તેવી શક્તિ-મતિ આપો. માત્ર પોતાના એકલાનું જ નહીં, પરંતુ કુટુંબ-પરિવાર-સગાં-સ્નેહી સૌને પણ પ્રેરણા આપી કલ્યાણપથમાં આગળ વધારવામાં નિષ્કામભાવે સહભાગી થઈએ. જો આવું જીવન જીવીએ. તો મનુષ્યજન્મ લેખે લાગ્યો ગણાય. બાકી તો મુખ્ય જે ત્રણ યોનિ મનુષ્ય-પશુ-પક્ષીની છે, તે ત્રણે યોનિમાં ભય-મૈથુન-આહાર-નિદ્રારૂપી ભોગકર્મ સમાન રીતે જ થાય છે. છતાં પણ મનુષ્યજન્મ શ્રેષ્ઠ કહ્યો શા માટે કહ્યો છે? મનુષ્ય ધારે તો મોક્ષની કલ્પના કરી તેને પામવા માટે યથાર્થ પરમ્‌પુરુષાર્થ કરી જન્મ સાર્થક કરી શકે છે. આપણે જો તેમ ન કરીએ તો આપણે પણ શીંગડાપૂંછડાં વગરનાં પશુ જ કહેવાઈએ.

પરમકૃપાળુ ઓમ્‌પરમાત્માની કૃપાથી, પ્રેરણાથી મનુષ્યજન્મ સાર્થક કરવાની ખૂબ જ તાત્ત્વિક વાતો થઈ. સૌ કોઈ તેની ઉપર ચિંતન-મનન કરી જીવનમાં ઉતારી જન્મમરણના ફેરામાંથી મુક્ત થઈ મનુષ્યજન્મ સાર્થક કરે તેવી સૌને શક્તિ-મતિ-ભક્તિ આપવા પરમાત્માને હૃદયપૂર્વકની પ્રાર્થના.

સત્યધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

ઓમ્ નમઃ પાર્વતી પતયે હરહર મહાદેવ હર.

સર્વેને જય નારાયણ - શુભ આશિષ.

ઓમ્... ઓમ્... ઓમ્...

# ગિરનાર—સિદ્ધદર્શન અને અઘોરી!

**''મારા ગુરુદેવ'' પુસ્તકમાંથી સાભાર**

ધર્મમેઘમાં સાંજની સત્સંગ-ગોષ્ઠિમાં એક જિજ્ઞાસુએ પૂ. ગુરુદેવ યોગભિક્ષુજીને પૂછ્યું કે પહેલાં આપ દર ગુરુપૂર્ણિમાએ ગિરનાર જતા. ત્યાંનો કોઈ અલૌકિક, પ્રેરકપ્રસંગ સાંભળવાની અમારી સૌની ઈચ્છા છે. તે સાંભળવા અને જાણવા અમે સૌ ઘણા વખતથી આતુર છીએ.

ઉપર્યુક્ત પ્રશ્ન સાંભળીને પૂ.શ્રી ઘડીક તો મુખ મલકાવતા, બંધ નેત્રે મૌન બેસી રહ્યા. પછી બંધ નેત્રે જ વાણીગંગા વહેતી કરી—

''અરે ભાઈ! પ્રશ્નો કરવા સાવ સહેલા છે. પછી તે પ્રમાણેનું વર્તન કે તેને જીવનમાં પચાવવાની વાત તો બાજુ ઉપર રહી પણ પોતે જે પ્રશ્ન કર્યો હોય તે પૂરો સાંભળવાની પૂરી ધીરજ પણ પ્રશ્નકર્તામાં નથી હોતી! પણ તમો તો સૌ ધૈર્યવાળા છો તો સાંભળો—

દર ગુરુપૂર્ણિમાએ ગિરનાર જવાની પ્રેરણા અમને કઈ રીતે થઈ તે મૂળ વાતથી શરૂઆત કરું. એક અનુભવી ધાર્મિક વ્યક્તિએ જે વાત અમને કહેલી તેનો સાર કહું છું—

જૂનાગઢના એક ફોજદાર કે જે પાછળથી મૂંડિયાસ્વામીના નામે પ્રખ્યાત થઈ ગયેલા. તેઓ દર ગુરુપૂર્ણિમાએ સાંજે ગિરનારના કમંડલુકુંડે પહોંચી જતા. કોઈ સિદ્ધપુરુષના આવવાની રાહ જોઈને, બાલ્ટી અને દોરડું લઈને કુંડ પર બેસી રહેતા. તેમણે સાંભળેલું કે ગિરનારના સિદ્ધો દર ગુરુપૂર્ણિમાએ પોતપોતાના સ્થાનમાંથી નીકળી દત્તની ટૂક ઉપર, દત્તચરણનાં દર્શને જાય છે. જતાં પહેલાં કમંડલુકુંડે સ્નાન માટે આવે છે. તે વખતે પોતે ત્યાં હાજર હોય, તો સિદ્ધને સ્નાન માટે પાણી કાઢી આપવાની સેવા કરી શકે અને આશિષ પ્રાપ્ત કરી શકે. આવી આશાએ ફોજદારસાહેબ દર ગુરુપૂર્ણિમાએ ત્યાં હાજર રહેતા.

દિવસના ભાગમાં તો સંસારીઓ દત્તચરણનાં દર્શને ઉપર જતા હોય. સાધુસંતો તો ઉપર જવા માટે સાંજ પછીનો સમય પસંદ કરે. સિદ્ધપુરુષો પણ સંધ્યા પછી જ ઉપર ચડે. ચડતાં પહેલાં સ્નાન માટે કમંડલુકુંડે આવે. જે-જે સાધુસંતો કમંડલુકુંડે સ્નાન માટે આવે તે સૌને આ ભાઈ પાણી કાઢી આપે. તેમના મનમાં એવી ખાતરી કે આ સાધુસંતોમાં છૂપા વેશે કોઈ ને કોઈ સિદ્ધ આવી જ જવાના. સંતો સ્નાનથી પરવારીને પ્રસન્ન થઈને પૂછે કે તમારે શું જોઈએ છે, ત્યારે આ ભાઈશ્રી દત્તનાં દર્શનની જ માંગણી કરે. ત્યારે જવાબ મળે કે ધીરજ રાખો, જરૂર દર્શન થશે. છેવટે આ ભાઈની ધીરજ ખૂટી ગઈ. તેથી એક વાર સંત સ્નાન કરીને આગળ વધ્યા, એટલે પોતે પણ તેમની પાછળ ચાલી નીકળ્યા. થોડે દૂર ગયા પછી સંતને ખબર પડી કે આ ભાઈ પાછળ આવી રહ્યા છે, તેથી તેમણે તેમને જે જોઈએ તે માંગી લઈને પાછા વળી જવાનું કહ્યું. પણ આ ભાઈએ તો શ્રી દત્તનાં જ દર્શન કરવાની રઢ પકડી રાખી. આ ભાઈ ઉપર સિદ્ધકૃપા ઊતરી. તેમને સિદ્ધ જોડે જવાની સ્વીકૃતિ મળી ગઈ. ઘણે આગળ એક ગુફા આવી. આ ભાઈને બહાર ઊભા રાખીને સિદ્ધ આ ગુફામાં ગયા અને દત્તભગવાનનું પૂજનઅર્ચન કર્યા પછી તેમને વિનંતી કરી કે મારી સાથે એક સંસારી ભાઈ આવ્યા છે. તેને આપનાં દર્શનની ખૂબ ઈચ્છા છે. આપ સ્વીકૃતિ આપો તો અંદર લાવું. જવાબ મળ્યો કે લાવો, પણ દર્શન થશે નહીં. તે ભાઈને અંદર લાવવામાં આવ્યા અને કહ્યું કે આ સામે દત્તભગવાન બિરાજમાન છે, તેમનાં દર્શન કરો. આ ભાઈને દત્તગુરુ દેખાય નહીં. કારણ કે તેમનાં અમુક કર્મબંધનો આવરણરૂપ હતાં. પછી સૌ સંતસિદ્ધોએ એવો નિર્ણય કર્યો કે તે ભાઈએ અમુક સમય સુધી અમુક સાધના કરીને પછી આવવું. તે પ્રમાણે કરીને આવ્યા તો ગુરુદેવ દત્તનાં દર્શન થયાં અને આશિષ મળી અને પ્રસાદીમાં એક અક્ષયરૂમાલ મળ્યો.

ફોજદારસાહેબ જૂનાગઢ આવીને નોકરીમાંથી છૂટા થઈ ગયા. માથે મૂંડો કરાવી નાંખ્યો, તેથી તેમને સૌ મૂંડિયાસ્વામી કહેવા લાગ્યા. તેઓ જ્યારે-જ્યારે સાધુસંતોના ભંડારા કરતા ત્યારે ઘણી થોડી રસોઈ ઉપર આ પ્રસાદીનો અક્ષયરૂમાલ ઢાંકી રાખતા, તેથી રસોઈ ખૂટતી જ નહીં. જ્યારે ખબર પડે કે બધાંએ જમી લીધું છે ત્યારે આ રૂમાલ લઈ લેતા.

સંધ્યા પછી 'સિદ્ધો' જ્યારે ઉપર ચડતા હોય (કમંડલુકુંડથી દત્તની ટૂક સુધી) ત્યારે અમુક અઘોરી અમુક

અંતરે વાઘનું સ્વરૂપ લઈને બેઠો હોય કે જેથી તે વખતે જો કોઈ સંસારી ઉપર આવવાની હિંમત કરે તો વાઘને જોઈને પાછો ભાગી જાય. વચ્ચે કોઈ વાઘ દેખાય અને તેના પગમાં જો કડું હોય તો સમજવું કે અઘોરી વાઘના સ્વરૂપે છે. સાચા વાઘના પગમાં કડું ન હોય. કડું પહેરેલો અઘોરી વાઘ હોય તો અમુક મંત્ર બોલીએ, એટલે તે તુરત જ અઘોરીના સ્વરૂપમાં આવી જાય. તે મંત્ર પણ મને તે અનુભવી ભાઈએ કહેલો, જે અત્યારે મને યાદ નથી. જોકે ગિરનારયાત્રા દરમિયાન સાચા વાઘનાં કે અઘોરી વાઘનાં મને ક્યાંય દર્શન થયાં નથી. ચારેક વર્ષ પહેલાં ગિરનારની પ્રદક્ષિણા કરેલી, ત્યારે પણ કોઈ હિંસક પ્રાણી દેખાયેલું નહીં.

ગિરનારની ગુરુપૂર્ણિમા વિષેની બીજી પણ ઘણી વાતો સાંભળેલી. આવાં બધાં કારણોસર મેં પણ દર ગુરુપૂર્ણિમાએ ગિરનાર જવાનું શરૂ કર્યું.

અહીંથી હવે મારા અનુભવોની વાત શરૂ થાય છે.

તે વખતે અમે મુંબઈ રહેતા. મુંબઈથી સીધો જૂનાગઢ જાઉં. ત્યાં અમારાં પરમસ્નેહી, પરમપ્રેમી શ્રી લલિતભાઈ મહેતા અને જયાબહેન મહેતાના ત્યાં ઉતારો કરું. પહેલા વર્ષે તો જયાબહેન અને બે વિદ્યાર્થી મારી સાથે ભોમિયા તરીકે આવ્યાં. શહેરમાંથી ચાલતાં-ચાલતાં તળેટીમાં ગયાં. 'અડીકડી વાવ અને નવઘણ કૂવો, જે ન જુએ તે જીવતાં મૂવો' તે પણ જોયાં. બીજું પણ જોવાલાયક બધું જોયું. ઉપર પણ ખૂબ ફર્યાં. સાતપૂડાનું પાણી પીધું, ભરતવન અને શેષાવનમાં પણ ફર્યાં. સાંજે ગિરનાર ઊતરી ગયાં. ચાલીને જ ઘરે પહોંચી ગયાં. પગ તો ચીંથરા જેવા થઈ ગયેલા. પગની પિંડીઓ તો વગરકારણે થરથર-થરથર કંપ્યા કરે. હું તો ઘરે પહોંચીને સૂઈ ગયો પણ જયાબહેનને તો ઘરનું બધું જ કામકાજ કરવાનું અને વળી હું મહેમાન જેવો, તેથી મારી રસોઈ પણ બનાવવાની. તેઓ ઘરકામમાં લાગી ગયાં. તેઓ નિશાળમાં નોકરી કરે, તેથી બીજે દિવસે કોઈ પ્રસંગને કારણે પ્રભાતફેરીમાં આખું જૂનાગઢ ફરી આવ્યાં. આપણા રામ તો પથારીમાંથી ઊભા જ થઈ શકે નહીં. દસબાર દહાડે પગનું માંડ ઠેકાણું પડ્યું. રંગ છેને જયાબહેનના ખડતલપણાને!

તે વખતે ભરતવનમાં એક બાવાજી જોડે થોડી જીભાજોડી થઈ ગયેલી. તેઓ ખૂબ કોપાયમાન થઈને કહે કે કલ નહીં દેખા હમ ક્યા કર સકતા હૈ? આગલા દિવસે ધરતીકંપ થયેલો. તેથી પગકેડીઓ ઉપર મોટા ડુંગરો જેવડા પથ્થરો ધસી આવેલા.

અમે તો સિદ્ધદર્શન માટે ગિરનાર જતા હતા. કમંડલુ(કમંડલુના આકાર જેવો) કુંડે તો રાત્રે રહી શકાય તેમ નહોતું, તેથી અમે દત્તની ટૂક ઉપર જ રાત્રિ રોકાવાનો નિર્ણય કરેલો. આપણે જો કમંડલુકુંડે હોઈએ અને સિદ્ધ સ્નાન કર્યા વિના જ સીધા ઉપર ચાલ્યા જાય તો આપણને દર્શન ક્યાંથી થાય? દત્તટૂકે બેસવાથી બંને ફાયદા. પણ દત્તટૂકે રાત્રે રહેવું કઈ રીતે? જે સંતો પૂજાતર્પણ કરાવવા. દત્તટૂકે હાજર હોય તે પણ છ-સાડા છએ કમંડલુએ નીચે પાછા આવી જાય. છ વાગ્યા પછી તો કમંડલુની હદથી આગળ વધવાની સખત મનાઈ. કમંડલુના અધિકારી સંતો, ઉપર રહેવાની મંજૂરી આપે જ નહીં. અને તો શું કરવું?

બીજી વાર ગયા ત્યારે અમે કમંડલુએ સરસામાન મૂક્યો અને સાંજની રાહ જોવા લાગ્યા. આ જગ્યાને દત્તનો ધૂણો પણ કહે છે. અહીં પ્રવેશતાં જમણી બાજુએ એક બારણું છે, જ્યાં સદા તાળું લાગેલું રહે છે. તેમાં થઈને ઘણે નીચે જઈએ, ત્યારે અસલ કમંડલુકુંડ આવે છે. એ બાજુનાં બધાં પગથિયાં ખંડિત થઈ ગયેલાં છે અને તે બાજુની જગ્યા બધી અગોચર હોવાથી, સલામતીની દૃષ્ટિએ સામાન્ય માણસોને ત્યાં જવા દેવામાં આવતા નથી.

દત્તટૂકના પૂજારીને નીચે ઊતરવાનો સમય થયો, ત્યારે અમે ઉપર ચડવાની શરૂઆત કરી.

વચ્ચે એક ધૂણી આવે છે. ત્યાં થોડું રોકાઈને દત્તટૂકે પહોંચી ગયા. પથ્થરના ચાર મજબૂત થાંભલાની છત્રી, એક લટકતો ઘંટ, ફરતે નાની દીવાલના કોટ જેવું અને છત્રીમાં વચ્ચે દત્તગુરુનાં પગલાં. આ દત્તની ટૂક ઉપર પહોંચ્યા ત્યાં ખાસ્સા પલળી ગયા હતા. વરસાદ ઝરમર ઝરમર વરસતો હતો અને વાદળાં અમારી આરપાર થઈને નીકળી જતાં હતાં. કપડાં નિચોવીને અમે પગલાં પાસે બેઠા. મારી સાથે એક વિદ્યાર્થી પણ હતો. એ સિવાય કોઈ ન મળે. સૂમસામ. ચારે બાજુથી પવનની કારમી સિસોટીઓ સંભળાય. વચ્ચે ક્યારેક પવનનો સુસવાટો સંભળાય તો ક્યારેક વીજળીનો

તેજલિસોટો દેખાય. એમ લાગે કે જાણે હમણાં નીચેથી કોઈ બલા આવીને ગળું પકડશે કે ઉપરથી કોઈ જ્વાલા ત્રાટકીને માથું ફાડી નાખશે. એવા ભયભીત વાતાવરણની વચ્ચે માળા કાઢીને ગાયત્રીના જપ કરવાની શરૂઆત કરી. ઠંડી અને પવનના સુસવાટાના કારણે હાથપગ કંપવા લાગ્યા હતા અને દાંતની કડકડાટી બોલતી હતી. સાથે આવેલા ભાઈ દીવાલ સાથે જોરથી વાંસો દબાવીને બેસી ગયા હતા. માળા સરકતી જતી હતી, જપ થયે જતા હાય, સમય પસાર થઈ રહ્યો હતો. ત્યાં પગરવ સંભળાયો. અમારા કાન સતેજ થઈ ગયા. અવાજ તરફ ધ્યાન સ્થિર થઈ ગયું. પગથિયાં બાજુથી એક ભાઈ આવ્યા. અમને નમસ્કાર કરીને કહેવા લાગ્યા કે બાપજી, રાત્રે અહીં રહેવાની મનાઈ છે. આપ નીચે ધૂણે પધારો. ત્યાં બધી સગવડ કરી આપીશું. અમને નીચે ધૂણે લઈ જવાનો બનતો બધો પ્રયત્ન કરીને તે ભાઈ પાછા ચાલ્યા ગયા. પાછું એ જ સૂમસામ ભયાનક બિહામણું વાતાવરણ. અમારા જપ શરૂ થઈ ગયા. વાદળાંઓમાં ચંદ્રમાં સંતાકૂકડી રમતા હતા. ઘડીકમાં સ્થૂળ પદાર્થો આછાં આછા દેખાય અને ઘડીમાં ગાઢ અંધારું. આમ લગભગ બે કલાક પસાર થઈ ગયા. ત્યાં ઓચિંતો જ પેલો વિદ્યાર્થીઓ ઓ... બા...! કરીને મને બાઝી પડ્યો. મારા હૃદયે પણ ચાર ગણો વેગ પકડી લીધો; કારણ કે અમારી સામે જ, બાજુની દીવાલ પરથી એક અઘોરી, હૂફ કરતોને પડ્યો-કૂદ્યો અને જોરજોરથી બોલવા લાગ્યો કે તુમ ક્યા સમજતા હૈ ? ક્યોં નીચે ચલા નહીં જાતા ? આદમી કો ભેજા તો ઉસકા માના નહીં, ક્યાં સમજતા હૈ? વગેરે-વગેરે. આમ બોલતી વખતે તેના હાથમાંનો ચીપિયો ખખડાવતો જાય - ઉલાળતો જાય. જાણે હમણાં માર્યો કે મારશે. તેના મુખમાંથી ગાંજાની વાસનાં તો જાણે ફુવારો છૂટ્યો! કમર ઉપર સાવ નાનું વ્યાઘ્રચર્મ. સાવ દૂબળળો. લથડિયાં ખાય. ગુસ્સામાં દોડતો-દોડતો નીચેથી ઉપર ચડેલો હશે, એટલે શ્વાસની તો ધમણ ચાલે. તે બોલતો રહ્યો, હું સાંભળતો રહ્યો. તે કહે કે હમ યોગિયોં કે સામને તુમ્હારા હઠ નહીં ચલેગા. પછી થોડી વાર શ્વાસ લેવા તે થંભ્યો. એટલે અમે ચલાવ્યું કે હમ તો ઈધર જપ કરને કો આયા હૈ, સુબહ તક યહાં જપ કરને કા હમારા સંકલ્પ હૈ, તુમ બડબડ કરકે હમકો વિઘ્ન કરતા હૈ. તુમ્હારે પાસ સિર્ફ એક યોગીહઠ હૈ પર હમારે પાસ તો બ્રહ્મહઠ, યોગીહઠ ઔર બાલહઠ તીન હઠ હૈં. તુમકો જવાબ દેને મેં - હમારા જપભંગ હોતા હૈ. હમ ઈધરસે જપ પૂરા કિયે બિના હઠનેકા નહીં. તુમકો જો ભી કરના હો સો કર લો. તુમ હમકો મારેગા યા ધક્કા દેગા તો પ્રતિકાર ભી નહીં કરેગા. બસ અબ હમ નહીં બોલેગા. આટલું સાંભળીને તે વધુ ઢીલો પડી ગયો. તેને લાગ્યું કે સામે લોઢાના ચણા છે. દસ મિનિટ ચૂપ બેસી રહ્યો. પછી કહેવા લાગ્યો કે બેટા, અહીં બેસવાથી શો ફાયદો છે? અહીં દત્તનાં પગલાં છે તો નીચે દત્તનો ધૂણો છે. તું નીચે ધૂણે બેસીને જપ કર. છ મહિના રહેવું. હોય તો છ મહિનાની બધી વ્યવસ્થા કરી આપું. અહીં બેસીને જપ કરવાનો તારો જે સંકલ્પ છે તે પૂરો ન થવાથી જે પાપ લાગશે તે બધું મારા ઉપર. અહીં તો ઠંડીના કારણે તારું શરીર સાવ ખોટું પડી જશે. તું જે કામ માટે આવ્યો છે તે (સિદ્ધદર્શનનું કામ ) પણ પછી કેમ પૂરું થશે? માટે મારી વિનંતી માનીને નીચે ચાલ.

એટલા સમયમાં તો હાથપગનાં આંગળાંનાં ટેરવાં ખોટાં પડવા લાગ્યાં હતાં. તેથી તેની વાત મને વિચારવા જેવી લાગી. માનભેર નીચે ચાલ્યા જવાનું તેનું કહેવાનું વાજબી લાગ્યું. મનમાં નક્કી કર્યું કે બીજી વખત ટાઢ માટેની પૂર્ણ તૈયારી કરીને આવવું, તેથી તેની જોડે નીચે ઊતરી ગયો. અડધી રાત થઈ ગઈ હતી. વરસાદ અને તોફાનનો કોઈ પાર નહોતો. ગાદીસ્થાનમાં ત્રણેક નાગા સંતો (એક પણ વસ્ત્ર નહીં) વચ્ચે તાપણી કરીને તાપતા હતા. મને એક ઓરડી કાઢી આપી. ચારે બાજુ પાણી-પાણી, પગ મૂકવાની ખાલી જગ્યા નહીં. બે ડબા મૂકી અને તે પર પાટિયું મૂકીને મને બેસવાનું આસન બનાવી આપ્યું. નાગા સંતો ચલમો પીતા હતા. તેથી મને પણ પીવા માટે આમંત્રણ આપ્યું, પણ મેં હાથ જોડીને ના પાડી અને મારા સ્થાને પાટિયાના આસને જઈને સૂઈ ગયો. વહેલી પડે સવાર-સવારે ઊઠીને મુંબઈભેગો થઈ ગયો.

આ વખતે સંપૂર્ણ તૈયારી કરીને મુંબઈથી નીકળ્યો. ગરમ કપડાં, રેઇનકોટ, રેઇનટોપી સાથે લીધાં. ગિરનાર ચડવાની શરૂઆત કરી. વરસાદ ચાલુ હતો. પગથિયાંની

પહોળાઈને આવરી લેતો પાણીનો ધોધ ઉપરથી નીચે ધસમસી રહ્યો હતો. પાણીની સપાટીને કારણે પગથિયાં દેખાતાં ન હતાં. પાણીનો વેગ એટલો જોરદાર હતો કે પગલું ભરવા માટે ઉપાડેલો પગ પાછો પડતો હતો. પાણીના પ્રવાહમાં ઢગલાબંધ પાકાં ગુંદાં વહ્યા જતાં હતાં. પ્રવાહમાં ચારે બાજુ ચમકતી સોનેરી કણીઓ પથરાયેલી હતી. અમે દઢતાપૂર્વક ઉપર ને ઉપર પગલાં ચડ્યે જતા હતા. કમંડલુકુંડ પહોંચી ગયો. ત્યાંના સ્થાયી માણસો મને જોઈને આપસમાં ઈશારાથી વાતો કરવા લાગ્યા કે પેલો મુંબઈવાળો છોકરો આવી ગયો. હું ગાદીપતિ પાસે ગયો. મહાપુરુષાય નમઃ કર્યા પછી કહ્યું કે મારે દત્તટૂકે રાત્રે જપમાં બેસવું છે. તેઓ કહે કે અચ્છા, તારે જે જરૂરત હોય તે અહીંથી સાથે લેતો જજે. પછી હું ટૂકે પહોંચી ગયો. માણસોની જબરજસ્ત ભીડ હતી. ઉપરનો પૂજારી મને જોઈને કચકચ કરવા લાગ્યો. હું પાછો ગાદીપતિ પાસે કમંડલુકુંડે આવ્યો. ગાદીપતિને પૂજારીની વાત કરી, તો તેઓ ખિજાઈને કહેવા લાગ્યો કે એ કયો ગધેડો છે? તેને મારી પાસે લાવો. ખૂબ માનવપ્રવાહ હતો. સંધ્યાની રાહ જોતો હું સમય પસાર કરવા લાગ્યો.

માનવપ્રવાહ સંપૂર્ણ બંધ થઈ ગયો. અંધારું ઊતરવા લાગ્યું. મેં ઉપર ચડવાની શરૂઆત કરી. દત્તધૂણેથી ઉપર દત્તચરણે જતાં વચ્ચે એક નાની ધૂણી હતી. તેથી થોડે ઉપર પગથિયાં વળાંક લે છે, પછી તુરત જ દત્તચરણવાળી છત્રી આવે છે, જે દત્તની ટૂકના નામે ઓળખાય છે. હું બરોબર તે વળાંકે પહોંચ્યો કે બે વ્યક્તિઓ તે વળાંકે નીચે ઊતરતી મને સામે મળી. તેમણે માથે ફાળિયું બાંધ્યું હતું. શરીરે કસોવાળું કેડિયું પહેર્યું હતું અને નીચે ચોયણો પહેર્યો હતો, જેને પગના કાંડા પાસે બોરિયાથી બંધ કરેલો હતો. તેમને જોઈને હું વિચારમાં પડી ગયો. આટલા મોડા-મોડા આ લોકો કોણ હશે ? અહીં તો રહેવાની મનાઈ છે છતાં આ લોકો અહીં ક્યાંથી ? શા માટે ? હશે કોઈ મારા જેવા ધૂની, એમ વિચારીને સમાધાન કર્યું. અમે બરાબર આમનેસામનેથી પસાર થયા, એટલે તેમાંથી એક ભાઈ બીજાને સંબોધીને મારી સામે હાથ લંબાવીને બોલ્યા-

''મામા, આ બાપુ તો ઉપર જાય છે તો આપણે પણ ઉપર પાછા જઈએ.''

તેઓ બંને મારી પાછળ-પાછળ ઉપર આવવા લાગ્યા. હું ઉપર પહોંચીને દત્તછત્રીમાં દત્તચરણ સન્મુખ બેઠો. તેઓ બંને પણ કોટની દિવાલને અઢેલીને બેઠા. મેં શ્રીફળ વધેર્યું. પાંચ શેષો ચરણ પાસે મૂકી. ટોપરાની પ્રસાદી તે ભાઈઓને પણ આપી. તેઓ થોડી-થોડી વારે માથાના ફાળિયાને કાઢીને નિચોવતા હતા અને પછી તેનાથી જ વરસાદથી ભીંજાતા શરીરને લૂછતા હતા. મેં હજુ જપની શરૂઆત નહોતી કરી. આ બંને ભાઈઓના ચાલ્યા જવાની હું રાહ જોતો હતો. મારી નજર દત્તચરણ ઉપર હતી. ત્યાં એક ઉંદરડી ટોપરું ખાતી હતી. તેને જોઈને હું પરમાત્માના મહિમાને વાગોળતો હતો કે અહીં પણ જીવ જીવી રહ્યો છે અને ખોરાક મેળવી રહ્યો છે.

મારી ધીરજ છેવટે ખૂટી એટલે મેં તેઓને કહ્યું કે ભગતો, હવે તમારે નીચે જવું હોય તો જાઓ; બહુ વેળા થઈ ગઈ છે... તેઓ કહે—

''બાપુ ! અમારે ઉતાવળ નથી. તમે અહીં રહેશો ત્યાં સુધી અમેય રહીશું.''

મેં કહ્યું : ''હું તો સવાર સુધી અહીં રોકાવાનો છું.''

તેઓ કહે : ''તો અમે પણ સવાર સુધી રોકાઈશું.''

મેં પૂછ્યું : ''કયું ગામ?''

તેઓ બે અક્ષરનું કોઈ નામ બોલ્યા, જે મને અત્યારે યાદ નથી. ખૂબ દૂર અને ઊંડેઊંડેથી કૂતરાના ભસવાનો અવાજ સંભળાયો.

અમે ચારપાંચ વાગ્યા સુધી બેઠા. હું જપ કરતો અને તેઓ અવારનવાર માથાના ફાળિયાથી શરીર લૂછતા હતા. મેં નીચે ઊતરવાની તૈયારી કરી, એટલે તેઓ પણ મારી જોડે ઊતરવા લાગ્યા. વચ્ચેની ધૂણી પાસે પહોંચ્યા એટલે, તેઓ કહે—

''બાપુ ! ટાઢ બહુ વાય છે, ઘડીક તાપશું?''

મેં કહ્યું. : ''તાપવું તો ઘણુંયે છે પણ તાપણું લાવવું ક્યાંથી?''

તેઓ : ''આ ધૂણીમાં ખોટારવા હશે. હમણાં તાપણું કરીએ.''

એક ભાઈ આજુબાજુમાંથી કીટિયા વીણી આવ્યા અને બીજા ભાઈએ ધૂણીની રખ્યા ફંફોળીને ખોટારવા કાઢ્યાં અને તેના ઉપર કીટિયા માંડ્યા મૂકવા. થયો ભડકો. સૌ ખૂબ તાપ્યા. મારી ટાઢ બરોબર ઊડી ગઈ એટલે મેં કહ્યું–

"ચાલો હવે નીચે ઊતરી જઈએ."

તેઓ : "બાપુ, તમારે જાવું હોય તો જાવ, અમે તો હજુ તાપશું."

તેથી તાપતા રહ્યા અને હું કમંડલુકુંડે આવી ગયો. ત્યાંથી નીચે ઊતરીને મુંબઈ તરફ રવાના થઈ ગયો.

મુંબઈ પહોંચ્યા પછી ચાર-છ મહિને આ પ્રસંગને વાગોળવાની શરૂઆત થઈ–હું ઉપર ચડતો હતો, ત્યારે તેઓ નીચે ઊતરતા હતા તો તે વખતે તેઓ ઉપર ક્યાંથી આવ્યા? ધૂણી તાપતી વખતે તેઓ તો મારી સાથે નીચે ન ઊતર્યા પણ ત્યાં જ બેસી રહ્યા કેમ? જેમનાં દર્શન માટે કેટલાંય વર્ષોથી હું ભીષણ પ્રયત્ન કરી રહ્યો છું, તે તો આ નહીં હોય? વગેરે-વગેરે."

એક વખત સાણંદ ઠાકોરસાહેબ જોડે આ પ્રસંગની વાત કરતાં તેમણે કહ્યું કે તમે તો મહાભાગ્યશાળી છો. તમને સિદ્ધદર્શન થઈ ગયાં. તેઓ સિદ્ધપુરુષો જ હતા. તમને અંધારામાં રાખીને દર્શન આપી ગયા. મેં કહ્યું કે દર્શન કરતી વખતે જ્યાં સુધી એમ ખબર ન પડે કે આ સિદ્ધો છે, ત્યાં સુધી સંતોષ ન થાય અને ત્યાં સુધી આપણું તપ કાચું-અધૂરું જ કહેવાય.

ગણેશપુરી નિવાસ દરમિયાન આ પ્રસંગની વાતો અમ્મા જોડે થયેલી. તેઓ આ વાતો સાંભળીને ખૂબ રાજી-રાજી થઈ ગયેલાં. ફરીને જ્યારે-જ્યારે અમ્માને મળવાનું થયું, ત્યારે તેઓ આ પ્રસંગને યાદ કરે જ. કહે કે યોગભિક્ષુજી! પેલી ગિરનારની વાત કહોને! સાંભળવી ખૂબ ગમે છે. એમ થાય છે કે જાણે સાંભળ્યા જ કરીએ.

# ગુરુ એ તો ગંગાના ધોધ જેવા છે.

- રમેશ ત્રિવેદી

આનંદ એ માનવીનો મૂળ સ્વભાવ છે, જે અજ્ઞાનના આવરણ તળે દબાઈ જાય છે. અજ્ઞાન જ્ઞાનની ભાવનાને ગળે ટૂંપો દઈ દે છે. સાચું જ્ઞાન, એટલે સાચો આનંદ ભુલાઈ જાય એટલે માણસ વલખાં મારતો. થઈ જાય. બાહ્ય વસ્તુઓમાં ડૂબકીઓ માર્યા કરે અને અંતે નિરાશા પામે. માણસ મૃગજળ પાછળ દોટ મૂકે અને સાચા ઝરણાંને જુએ પણ ઓળખે નહિ, ઓળંગી જાય; પોતાની ખોટી દોટ ઉપર અંહકાર ઉત્પન્ન કરે. ખુદ ઈશ્વર, સાચો આનંદ-પરમાનંદ મળે તોય ઓળખે નહીં. ભય, શંકા, અંધશ્રદ્ધા, ઉદ્વેગ, ભૌતિક સુખોને પંપાળ્યા કરે પણ આત્મોત્સર્ગ કરે નહીં. આ બધી દોડ, ઉદ્વેગ અને બીજાં દૂષણો સાચાખોટાની પરખ પણ રહેવા દે નહિ. પ્રેરણા આપે તેવા માર્ગદર્શન આપે તેવા, વેદાંતનું આચરણ કરાવે તેવા, આધ્યાત્મિક ભંડાર આપે તેવા ગુરુને ઓળખે નહિ. અજ્ઞાન અને જ્ઞાન, શ્રદ્ધા અને અંધશ્રદ્ધા, પારકા અને પોતાના વચ્ચે એક પડળ છે. એ પડળનું ફાટવું એટલે ગુરુની પ્રસાદી પ્રાપ્ત થવી. ગુરુ પ્રાપ્ત થાય એટલે જ્ઞાનરૂપી પ્રકાશ મળે. ત્યારે મનુષ્ય એમ માનતો થઈ જાય કે અંધશ્રદ્ધા એ પિત્તળમાં જડેલ કાચના ટુકડા જેવી છે, શ્રદ્ધા કોહીનૂરની જેમ અસલ અને પ્રકાશમય છે, ગુરુ પોતાના છે. સાચાખોટાની પરખ થાય.

પ્રત્યેક મુમુક્ષુને જ્ઞાનથી માર્ગદર્શન આપનારની જરૂર પડે છે. એ સાક્ષાત્કાર ગુરુ જ કરાવી શકે. પરમેશ્વર એ હૃદયમાં અંકિત મૂર્તિ છે. પણ ચક્ષુ સમક્ષ તેનો સાક્ષાત્કાર કરવો હોય તો તે એક જ વ્યક્તિમાં-પોતાના પૂજ્ય ગુરુજીમાં - જોવા - અનુભવવા મળે. એઓ માનવ અને પરમેશ્વર, જગત અને ઈશ્વર, આંતરિક અને બાહ્ય અસ્તિત્વ વચ્ચેની કડી છે. એ ખુદ પોતે જ ઈશ્વર છે. બંને ક્ષિતિજોની વચ્ચે સાક્ષાત્કાર રૂપે ફરી શકનાર અમરત્વ છે, શાશ્વત આનંદના સામ્રાજ્યમાં પ્રવેશવા માટેનો મુખ્ય દરવાજો છે. ગુરુ ગોતવાથી મળતા નથી. એ પામવા માટેય પરમેશ્વરની પ્રસાદી-આશિષ મળે તો જ મળે છે. રિદ્ધિસિદ્ધિના ભંડાર સમા ગુરુની સ્વયં બ્રહ્મ-સ્વરૂપ મૂર્તિ જ કહેવાય. ગુરુપ્રથા, પ્રણાલિકા, જાત, ભાત, વર્ણનો બાધ રાખતાં નથી. એ પોતે જ નિર્બંધ છે. શિષ્યોને સ્વરૂપદર્શન કરાવતા નથી. એ તો

શિષ્યોને પોતાની સિદ્ધિઓ દ્વારા આત્મસ્વરૂપનાં દર્શન કરાવે છે. એ તો શિષ્યને એ સમજાવે છે કે જીવનમાં શ્રેષ્ઠત્વ પામવા તમે મને નહીં, મારા દર્શાવેલ ધ્યેય, રસ્તા, તત્ત્વોને પૂજો. મૂર્તિપૂજા આત્મસાધનાની શરૂઆત છે. આંતર્પૂજા તો બ્રહ્મત્વથી થાય છે. એ એનું આગવું પગલું છે, સ્થાન છે. સદ્‌ગુરુ એટલે જ સ્વયં બ્રહ્મ છે. શિષ્ય જો ગુરુને સમજી શકે નહિ, તો મૂર્તિપૂજાથી આગળ વધી શકે નહીં, ગુરુજીએ જ ચીંધેલા માર્ગ દ્વારા સર્વસ્વને પામી શકે નહિ. આત્મારૂપી નાવના ખરા નાવિક તો એ જ છે. એ શિષ્યને સમુદ્રની ઊંડાઈ અને તત્ત્વનું કહેવા ઇચ્છતા હોય, ત્યારે શિષ્યને તેમના હાથમાં રહેલ હલેસાં દેખાય. તેનાથી તરવાની શક્તિ અને આગળ વધવાની કુશળતા દેખાય નહિ. ગુરુ પ્રત્યે પૂજ્યભાવ રાખવો, તેમની ભક્તિ કરવી પણ તેમને આપણા અંધશ્રદ્ધાના વમળમાં જકડી ન રાખવા. ગુરુ તો તમારી મુક્તિનો રસ્તો બતાવતા હોય છે. એ તમને સ્વતંત્ર કરવા ઇચ્છે અને તમે પરતંત્ર થતા જાવ એમ ન કરવું. કારણ ગુરુ ઈશ્વર છે, સ્વયંપ્રકાશ પામવા માટેનો સત્સંગીય ધોધ છે, આધ્યાત્મિક શિક્ષણ માટેની શ્રેષ્ઠ નિશાળ છે. અરે! ઈશ્વરની જ પ્રાપ્યતા માટેનું મનુષ્ય સ્વરૂપે દિવ્ય સ્વરૂપ છે.

તો આમ ગુરુ આપણા માટે પ્રથમ અને છેલ્લું મહત્ત્વનું સ્થાન છે, બીજા બધા ગૌણ. એક આત્મા જ પરમાત્માને જોઈ શકે, પરમાત્મા જ આત્માને બતાવી શકે.

જીવનથી-મૂળથી અંત સુધીના પ્રવાસમાં જો ગુરુ ન હોય તો નકશા વગર ભટકતા મુસાફર જેવી સ્થિતિ થાય. રસ્તામાં કેટલાય વિવેચનરૂપી રસ્તા, શાસ્ત્રોની વનરાઈઓ, ઘનઘોર વેદાંતો આવે. પ્રકાશ ન હોય તો એવું જ દેખાયને ? ગૂઢ અર્થો. ગુપ્ત સ્પષ્ટીકરણો, વણઉકેલ્યા ઉલ્લેખોને કોણ સમજાવે ? ગુરુ. એથી ગુરુની આવશ્યકતા છે. આપણે આપણી ભૂલોને ક્યાં જોઈએ છીએ? એ તો ગુરુ બતાવે. વાતાવરણ હંમેશાં ચોખ્ખું જ હોય છે; પણ ગુરુ દ્વારા આપણી દૃષ્ટિ ચોખ્ખી થાય તો સારું ભાસેને ? ગુરુજ્ઞાનથી પૂર્ણતા પ્રાપ્ત કરવાની છે. આપણામાં અપૂર્ણત થાય અથવા રહી જાય તો ગુરુને સમજવાની આપણી અશક્તિઓ દેખાય છે. અંધશ્રદ્ધાથી તો આપણી સ્વચ્છ દૃષ્ટિ ઝાંખી થતી જાય. ગુરુનાં શિષ્ય માટેના સખત પરિશ્રમ અને આસ્થાને ઝાંખાં પાડવા જેવું થાય. પરમાનંદ પામવા માટેના મુખ્ય દ્વાર સમા ગુરુજીના દર્શાવેલ રસ્તે ચાલ્યા વગર આપણે ફક્ત મુખ્ય દ્વારને જ અડીને ઊભા રહીએ તો પ્રગતિ કેમ થાય ? ગુરુ આપણને આંગળી ચીંધીને માર્ગ બતાવે ત્યારે આપણે ફક્ત એમની આંગળી જોયા કરીએ તો ધ્યેય તરફ પ્રયાણ ક્યારે થાય ? ગુરુ આપણને આવા રસ્તા બતાવવા તેમના અને બીજાના તેમની પ્રત્યેના અનુભવો કહેતા હોય. એ સારો માર્ગ સૂચવે પણ આપણે એમાંથી માર્ગદર્શન ન મેળવીએ. એવો પ્રસંગ આપણા જીવનમાં આવે તેવું વ્યર્થ ઇચ્છીએ. આપણે તો પાઠ ભણવાનો છે. પાઠના અનુભવ થતાં સુધીની રાહ જોવાની નથી. ગુરુ રસ્તો બતાવે એટલે આપણે એ રસ્તા ઉપર જવા માટે તૈયારી કરવાની હોય છે. માનસિક તેમજ શારીરિક. પ્રવાસમાં જરૂરી સામગ્રીઓ માટે પરિશ્રમ કરવાનો છે; જ્ઞાન મેળવવું છે, સિંચન થયા પછી ડાળીએ પોતે આગળ વધવાનું છે. ગુરુએ ચીંધેલ રસ્તે આપણે આગળ વધવાનું છે, એમને સાથે ઘસડવાના નથી. એ તો આપણા આત્મામાં પ્રેરણા રૂપે બિરાજેલ છે. પ્રવાસનાં સાધનો, અનુભવનું ભાથું. સારા વાચનથી શુદ્ધબુદ્ધિએ બધી તૈયારી તો આપણે કરવાની છે. ગુરુ અગાશી ઉપર ચઢવા માટે સીડી બતાવે, એ સીડી આપણે ચઢવાની ને ઉપર પહોંચવાનું. સીડીને ઉપર લઈ જવાય નહિ. એ તો માધ્યમ છે.

આમ, ગુરુ આપણને કાયમ પ્રસાદી આપતા જ રહે. આપણે તેને સાંભળીને માથું હલાવીને બેસી રહેવાનું નથી; એમાંથી શીખવાનું છે. એ શીખવા માટે જ્ઞાન ભેગું કરવાનું છે. બીજા સારા અનુભવીઓનાં આચરણોને વાંચવાનાં છે. આપણો સ્તર મજબૂત બનાવવાનો છે. ગુરુભક્તિએ લોભભક્તિ કે ક્ષોભભક્તિ નથી; એ તો પ્રેમભક્તિ છે. એ પ્રેમથી સારું શું તે બતાવે છે. તે આપણે પામવાનું છે. મન મોકળું કરીને બધું સારું ગણીને અપનાવવાનું છે. મન સંકુચિત રાખવાનું નથી.

પૂ. ગુરુજીનાં આવાં દૃષ્ટાંતો દ્વારા સિંચન કરવાનું છે, તેથી આ પુસ્તક 'મારા ગુરુદેવ' આપ સમક્ષ રજૂ કરીએ છીએ.

ईश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




( समाधिपाद के सूत्रों का भावानुवाद )

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ईश्वर है।

(२५) ईश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ईश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) ईश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

● **ટ્રસ્ટના ઉદ્દેશો**

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્–ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવાનો પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય–બહુજનસુખાય'ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

● પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી મહારાજશ્રી સાથેનાં પ્રેરક પ્રસંગો - સંસ્મરણો સંક્ષિપ્તમાં આવકાર્ય છે.

● "ઓમ્ પરિવાર"ની કલ્યાણકારી પ્રવૃત્તિઓ વિશેની માહિતી પણ સંક્ષિપ્તમાં આવકાર્ય છે.

નોંધ : જગ્યા-મર્યાદાને કારણે અન્ય કૃતિ-સામગ્રી સ્વીકારી શકાતી નથી.

- રુતમ્ભરા સંપાદન સમિતિ

**લવાજમદર :**

| | | |
|---|---|---|
| ત્રિવાર્ષિક સભ્ય (ભારતમાં) ... | ₹ | ૧૦૦-૦૦ |
| આજીવન સભ્ય (ભારતમાં) ... | ₹ | ૫૦૦-૦૦ |
| ત્રિવાર્ષિક સભ્ય (પરદેશમાં) ... | $ | ૫૦-૦૦ |
| આજીવન સભ્ય (પરદેશમાં) ... | $ | ૧૫૦-૦૦ |
| છૂટક નકલની કિંમત ... | ₹ | ૧૦-૦૦ |

**લવાજમ મોકલવાનું કે રુતમ્ભરાને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :**


ડૉ. સોમાભાઈ એ. પટેલ (ડૉ. સ.સ. ભિક્ષુ)
૩/બ, પલિયડનગર, દર્પણ સર્કલ પાસે,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
☎ ૦૭૯ ૨૭૯૧૧૧૯૫ ૯૮૨૫૪૪૩૬૪૨


**સૂચના :-**

(૧) લવાજમ ચેક, ડ્રાફ્ટ અથવા મનીઓર્ડર દ્વારા "ઓમ્ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરુ નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવાં.

(૨) જે સભ્યના રહેઠાણનું રુતમ્ભરા અંક મોકલવાનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરુ સરનામું L.M. નંબર સાથે લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકો દ્વારા અંક મોકલવામાં સરળતા રહે.


Registrar of News Papers of India
under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91


**આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા**
**પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી**


PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for

**AUMGURU PREMSAMARAPANDHYANBHIKSHU PARIVAR TRUST**

(Reg. No. E/4416 Date 11-5-81)

From :- 3/B, Paliadnagar Society,
Naranpura, Ahmedabad-13
Printed at : Shardul Printing Press
Hon. Editor : Minish Patel
I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09


To,


Web : www.yogabhikshu.org
E-mail : aumparivar@yahoo.com

Facebook : yogabhikshu.aumparivar
Playstore App. : Guru Vatsalya